૮૧

રાગ—ભૈરવી. ત્રિતાલ.

નટવરજી ગોવાળા ! ગોવાળોના છોગાળા રે. —નટવરજી૦
આઠ આખલા તમે સાથે બાંધ્યા રે,
ગૌધણ હાંકયાં મહારાજા રે. —નટવરજી૦
સરકસ પાંચ પચિસ પશુ હાંકે રે,
નાથ રંગનો હાંકે સારી દુનિયાં રે. —નટવરજી૦

———

૮૨

હીંચ.

મ્હને સહાય કરશે મુરારી રે, જ્હારે ચઢશે ગોવર્ધનધારી—એ રાહ.
રૂડા રસીયા રસીક રંગલાલા રે, રમો રસથી રમેશ રઢિયાળા !
દેવર્ષિ, બ્રહ્મર્ષિ, રાજર્ષિ લાલા ! અન્ય જ્ઞાની યોગી સાથ ખેલ્યા;
દૈત્યો, દાનવ ને રાક્ષસોથી ખેલ્યા, રૂપો લઇને હઠીલા;
રંગ સાથે ના રમો તો, જૂઠું બધું મમતીલા રે. —રૂડા૦

———

૮૩

રાગ ઝીંઝોટી—તાલ દાદરા—મેરે ગિરિધર ગોપાલ. એ—રાહ.
કહાન ! કોણ છો તમે કૃપા કરી જણાવો ! —ટેક૦
દેશ, કાળ, ન્યાત, જાત નહિ તથાપિ [1]ચાવો,
રૂપ, રંગ, નામ, ઠામ, વર્ણ તો ગણાવો ? —કહાન !

---

૧ પ્રસિદ્ધ

શ્યામ નહિ શ્વેત નહિ, નબાપો નમાયો !
  દ્વંદ્વ ત્રિપુટિ માત્રથી, પ્રભુ જૂદો ગણાયો. —કહાન !
જન્મ-મૃત્યુ, સ્નેહી કે સંબંધિના વિનાનો;
  ભક્ત કાજ એ બધાં, સ્વીકારીને તણાઓ ! —કહાન !
યજ્ઞ, તીર્થ, વેદ મૂર્તિમંત છો જણાઓ,
  શાસ્ત્ર માત્ર છો ભણ્યા, પ્રભુ મને ભણાવો. —કહાન !
પંચમહાભૂત તત્ત્વ ઈન્દ્રિયોથી ન્યારો,
  વિશ્વ બહાર બેસી ક્યાં બધું ત્હમે બનાવો ? —કહાન !
આંખ કાન કાંઈ ના છતાં અનેક રૂપો,
  અકળ કળા ત્હારી કહાન ! કેમ ના કળાઓ ? —કહાન !
જ્ઞાની યોગી ભક્ત આદિ પૂછીને હું થાક્યો,
  તુજમાં વસું હું કહી રંગને ધુણાવ્યો. —કહાન !

૮૪

રાગ દેશ–ત્રિતાલ.

  કિરતાર સાચા જગના. —ટેક.
મ્હારા શ્યામસુંદર શામળિયા રે, —કિરતાર.
પાર ન પામે પામર પ્રાણી, નહિ જે સાચા મનના રે.—કિરતાર.
માલ ખજાના માલિક દેવો, નોકર ત્હારા તનના રે. —કિરતાર.
ગ્રાહક દેખી પૂરો કોડો, અનેક પ્રેમી જનના રે. —કિરતાર.
ધરતી ધંધા ધીર વિનાનો, ક્યાંથી લ્હાવા ધનના રે. —કિરતાર.
પાય પડી રંગો તન અર્પે, માલિક તન-મન-ધનના રે.—કિરતાર.

૮૫

ગરબો

વરઘોડો વરઘોડો વ્હાલમનો વરઘોડોરે–રાહ.

લટકાળો લટકાળો, શામળિયો લટકાળોરે.
ખેલે ગોપીમાં કહાનો, કાલિંદી કાળીમાં કાળો. ટેક.
ઝુલે શામળિઓ હાથી મોટો મકનો, ઝુલે કનૈયો કાળો. –શામળિઓ લટકાળોરે
સાથે મૃગલિયો ખેલે મૃગલો, વ્હાલો કનૈયો રૂપાળો. –શામળિઓ૦
ક્ષીરસાગરપર વાદળી જેવો, ઝુલે નારાયણ કાનો. –શામળિઓ૦
ધોળા આકાશમાં દિસે પાતળિયો, મેઘાધનુષ શોભાળો.–શામળિઓ૦
વચ્ચે વિજળીઓમાં શોભે કનૈયો,મેઘલા જેવો કાળો. –શામળિઓ૦
બિંદી લલાટ ગોરી જેવો કનૈયો,બાળકો ન્હાનો:ભોળો. –શામળિઓ૦
આંખો તમામનો એક જાણે ડોળો,તેજનો મોટો ગોળો.–શામળિઓ૦
જાણે ઝબકતા હીરલામાં ગુંથ્યો, નીલમણિ શામળિઓ.–શામળિઓ૦
સૂર્યની વચ્ચે લેતી લબકારા, જાણે સમુદ્રની છોળો. –શામળિઓ૦
દેખે વિમાનમાં દાનવ ને દેવો,ભાળો કાળાનો ચાળો. –શામળિઓ૦
ચૌદે ભુવનને રમાડે રંગીલો, ખેલાડી એ છોગાળો. –શામળિઓ૦
માયામાલિક મ્હારો મોરલીવાળો,નર નારી સહુ ભાળો.–શામળિઓ૦
દેખો આતમરૂપ કહાન જો નહિ તો, આંખોની કાઢો જાળો. –શામળિઓ૦
હડે નિરખવા મથે રંગ હેતથી, કાનજી કાળો કાળો.–શામળિઓ૦

૮૬

રાગ-ખમાયચ-ત્રિતાલ-શ્યામા મોરી તોગાગરિયાં ફોરીરે.-રાહ.

જાણી જાણી ચતુરાઇ મેં તો જાણી રે;
લાલા ! ત્હારી ચતુરાઈ મેં તો જાણી રે, —ટેક
કળી જાય ના કળાઈ, જુઓ લાલની વડાઈ,
એક એકથી નવાઇથી છવાઇ. —જાણી જાણી૦
હું કે પાંડવ નહિ પ્રતિજ્ઞા, દાદા ભીષ્મે લીધી લાલા !
થઇ ચોબદાર સૌભાગ્ય અપાવ્યું ત્હેં દ્રૌપદી.
બલિહારી લાલા ! ત્હારી રંગો રાચે ગાઈ ગાઇ. —જાણી૦

૮૭

રાગ-ઝીંઝોટી-ઠુમરી-મેરે ગિરિધર ગોપાલ.-રાહ.

કાનજી કૃપાળને કૃપા કરી મનાવો,
 કૃપા કરી મનાવોજી, દયા કરી મનાવો. —કાનજી૦
રોષ રોમ રોમમાં રસીક આટલો બધો,
 દોષ એટલો બધો કૃપા કરી બતાવો. —કાનજી૦
કાઢવા કસોટીનો સ્વભાવ લાલ ! ત્હારો,
 કેમ રંક પામરો ટકે જરા વિચારો. —કાનજી૦
લાલજી કટેવ ત્હમે લેશ નહિ છોડો,
 તો પછી અમારો દોષ શીદને ધરાવો ? —કાનજી૦
જોર શું કરૂં ? તું કહાન ! વિશ્વપતિ સાચો,
 શરણુ થયું તાહરે, બીજા નહિ ઉપાયો. —કાનજી૦
પુત્ર અંતમાં રિસાયો, બાપલો મુંઝાયો;
 રંગ રંગજી રંગીલા, ભાઈલા મનાઓ. —કાનજી૦

૮૮

રાગ—યમની જીહલો–ત્રિતાલ–રથપે રઘુનંદન આવત હૈ–રાહ.

પ્રભુ નૃત્ય કરે વૃન્દાવનમાં. —ટેક.

બળરામ હળધર, ગ્વાલબાલ મંડળ, (૨)
સહુ સાથ નાચે પ્રભુ શિશુવયમાં. —પ્રભુ
વત્સ બાળ મર્કટ, અન્ય પ્રાણી માત્રો, (૨)
પંચમહાભૂતો નાચે પ્રભુવનમાં. —પ્રભુ.
તાતા થેઇ તાતા થેઈ, થનનનનનનન, (૨)
ઝણુણુણુ રણુકે સૃષ્ટિ તનમાં. —પ્રભુ.
ધ્યાન હૈયે નિશદિન, કરે રંગો પ્રીતે, (૨)
હૈયું નાચે લાલાના તપોવનમાં. —પ્રભુ.

૮૯

રાગ–દેશનીચાલ–તાલ દીપચંદી.

નાથ કૈસે ગજકો બંધ છુડાયો?–રાહ.

નારદમુનિ ત્હારી માયામાં મુંઝાયા.
બીજા નિશદિન રહે છે ગુંચાયા. —નારદમુનિ૦
સોળ હજાર ને એકસો આઠ, રાણીના મહેલો બતાવ્યા,
જાત–જાતના ખેલ કરીને, દેવઋષિને બતાવ્યા. —નારદમુનિ૦
એક અબજ ઘર ત્હારાં સૃષ્ટિમાં, ઘર ઘર મેહેલ છે ન્યારા;
પ્રાણી માત્રનો હિસાબ ગણતાં,આંખમાં આવે અંધારાં.–નારદમુનિ૦
શી ત્હારી લીલા ને શી છે વ્યવસ્થા ? શાન્તિથી ચાલે છે રેંટ,
ધાંધલ લેશ મળે નહિ કાનજી ! ચાલે છે ઠેઠથી ઠેઠ. –નારદમુનિ૦

રેંટ ચલાવનારો ન દેખાયે, સ્થૂળ ચક્ષુને એ નાથ !
ખાલી ભર્યો ચાલે ઉપરા ઉપર, અટક્યા વિના દિન રાત.—નારદમુનિ૦
પ્રશ્ન કરૂં તો ગુન્હો થાય મ્હોટો, અતિપ્રશ્ન કેરો એ બાપ;
લીલા ઠરી ત્યાં પછી પ્રશ્ન કેવો?ધણીના ધણીછો આપ.—નારદમુનિ૦
લાખો ઉપાધિ છતાં મુનિ દાખવ્યો, ઘર ઘર ત્હેં આનંદ,
ત્હારી કૃપાથી રંગો જુવે સૃષ્ટિમાં,આનંદ આનંદકંદ.—નારદમુનિ૦

૯૦

ગરબો.

રામ લક્ષ્મણ બે બંધવા રામૈયા રામ—રાહ.

નર નારાયણ અવતરિયા રંગીલા લાલ !
એ બે ઋષિયો કૃષ્ણાર્જુન થઇ આવીયા. —રંગીલા લાલ !
ઉતર્યો ભૂમિનો ભાર રે રંગીલા લાલ !
કર્યો ધર્મનો સહુ સ્થાનમાં ઉદ્ધાર રે. —રંગીલા લાલ !
ધર્મ રાજ્યને સ્થાપીયું રંગીલા લાલ !
સહુ પાપીઓના રાજ્યનું મૂળ કાઢીયું. —રંગીલા લાલ !
નીતિના પાઠ પઢાવીયા રંગીલા લાલ !
કંઈ બાકી નહિ રાખી વરણાગીયા. —રંગીલા લાલ !
દુર્યોધનની મઝા કરી રંગીલા લાલ !
પહેરાવી ફુલ તંગડી, હદ વાળી. —રંગીલા લાલ !
વજ્ર કાય બની રંગાની, રંગીલા લાલ !
મ્હારા કાનાએ દીધી કૃપાની, તંગડી. —રંગીલા લાલ !

૯૧

ગરબો.

ઝીણા ઝરમર વરસે મેહ, હો ભીંજે મારી ચુંદલડી—રાહ.

આવો રૂમ ઝુમ રૂમ ઝુમ કાન ! હો હૈડું મ્હારૂં ઉભરાયે,
આવો પધારો નંદજીના લાલ, હો હૈડું મ્હારૂં ઉભરાયે.— ટેક

નૂપુર પાદપદ્મ કટિબંધ મેખલા, પીત વસ્ત્ર અંગે ધાર્યાં રે,
ઝળક ઝળક કુંડળો ને મોર મુકુટ શોભે, કંઠે શોભે વનમાળા.
—હો હૈડું૦

દિસે જાણે કર્મ ને ઉપાસના ને જ્ઞાનનો, આવતો પ્રત્યક્ષ અવતાર રે,
મૂર્તિમંત બ્રહ્મ સગુણ રૂપ ધરી આવે, કોને કહું મનડાની વાત.
—હો હૈડું૦

સંપ્રદાય માત્ર ધર્મમાત્ર તત્ત્વજ્ઞાનના, ગ્રંથરૂપ કાનનું સ્વરૂપ રે;
રંગ કહે નિરખી નિરખી હેતથી વધાવી લ્યો, કાન કાળો કામદેવ
રૂપ.—હો હૈડું૦

૯૨

ગરબો.

પૂનમ ચાંદની ખીલી પૂરી અહિં રે—રાહ.

નંદના લાલાજી ! મોહન મધુરા મીઠડા રે,
રસીયા સાવરિયાં ! દ્વારકાનાધીશ, હૃદયે ધ્યાન ધરૂં નિશદિન
પ્રભુ તારૂં પ્રેમથી રે.—ટેક

સાખી.

બ્રહ્મા, વિષ્ણુ, શંભુ સહુ, થયા અતિશય વૃદ્ધ;
લાખો વર્ષો થઇ ગયાં, બની ગયા છે અબ્ધ.
મ્હારો કાનો વર્ષો પાંચ હજારનું બાળ. —નંદના લાલાજી !

સાખી.

યોગીને વૃદ્ધપણુ અને, નિધન કદિ નવ થાય;
કેસરી કટિ વાળો પ્રભુ, સદા રૂડો દેખાય..
બાળક નટડો બેટપતિ રંગાનો નાથ. —નંદના લાલાજી !

૯૩

ગરબો

રાધા કૃષ્ણ રાધા કૃષ્ણ રાધા વ્રજરાય—રાહ.

લાલા વ્હાલા લાલા વ્હાલા ! લાલા વ્રજગ્વાલ. —ટેક
લાલા થઇને વસીયા સમુદ્ર મોઝાર,
સમુદ્ર મોઝાર બેટ પતિ ભુજાચાર,
સૃષ્ટિ આખીના શણગાર. —લાલા૦
ધામ અને પુરી દ્વારામતી જેનું નામ,
જગત્ દેરૂં છોડી લીધો બેટમાં વિશ્રામ,
બેટમાં વિશ્રામ લઈ ચાલ્યા ડાકોર ગામ, પાછા પ્રકટ્યા સ્વધામ.
—લાલા૦
વ્રજ દ્વારામતી બેટ ને ડાકોર ગામ,
વસ્યા છતાં ધામતારૂં બ્રહ્માંડો તમામ,
બ્રહ્માંડો તમામ, વળી ભક્તો કેરા ઠામ; રંગ હૃદયે મુકામ.
—લાલા૦

ગરબો.

૯૪

વ્હાલા રહો વેગળા રે—રાહ.

કહાના ! દ્યો સદ્દગતિ રે. —ટેક.
અમે જાતે અયાચક વૃત્તિના રે, શિખવાડી યાચકવૃત્તિ ત્હેં કાનારે;
તમે ભિક્ષા માગી બળિરાયથી વ્હાલમજી ! —કહાના !
તમે ત્રણ ડગલાં ફક્ત માગીયાં રે, ત્રણ લોક તેમાં છે સમાવીયાંરે;
મ્હારા ત્રણ અક્ષર લઘુ તૃણથી વ્હાલમજી ! —કહાના !
ત્હમે છળ ને કપટ કીધાં કારમાંરે,
દેવો મુક્ત કીધા વાત વાતમાંરે.
શા માટે ન સુણો મ્હારી વિનંતિ ? વ્હાલમજી ! —કહાના !
તારા દ્વારથી કોણ ખાલી ગયો રે ?
જે આવ્યો તે કૃતાર્થ પૂરો થયો રે;
રંગો ટેક મૂકી માગે સુમતિ, વ્હાલમજી ! —કહાના !

૯૫

રાગ—ધીરાની કાફીનો.

લાલ ત્હારો લટકોરે, न भूतो न भविष्यति,
પાપણ કેરો મટકોરે, ભરમાવે મોટાની મતિ. —લાલ !

સાખી.

ડરના માર્યા વિષ્ણુ ધારે, ચક્ર ગદાદિ નિત્યે;
ત્રિશૂળ આદિ શંકર ધારે, બીહામણા એ રીત્યે,
બીકણ ભીષણ માનોરે, શસ્ત્ર વિના નવ આલે રતિ.—લાલ !

સાખી.

વજ્ર વિનાના ઈંદ્રતાતજી, ધનુષ બાણુ વિણુ રામ,
ખડગ વિનાનાં શક્તિમાતજી, એ સઘળાં જ નકામ,
ભડકામણા સહુ દેવો રે, ભડકે સૌને બાળ અતિ.—લાલ !

સાખી.

વિદેશી દેવો આયુધવાળા, કોઇ મળે નહિં સાદા,
મીઠડા મ્હારા વ્હાલા લાલા, મીઠડી મુરલી વાળા,
પ્રેમાયુધ ધરનારા રે, ફક્ત એક છે રંગપતિ. —લાલ !

૯૬

રાગ પ્રીતમના પદનો.

ઓ પ્રાણુપતિ ! પામર આ અંધાને રસ્તે પાડયને,
બ્રહ્માંડપતિ ! આંખ છતાં અંધાપો મ્હારો કાઢયને,
સુખ માટે રાત દિવસ તલસું, ખત્તાખાઈ પાછો નાસું,
સૂઝે ન કંઇ, શ્યામળિયાજી ! સુણજો મારી રાડયને.
—ઓ પ્રાણુપતિ.

પુરૂષાર્થી તો પેટ ભરીને, કીધા ગર્વ દિલે ધરી ધરીને,
થાકયો હરિ ! હું, અંધપણાના પડદા લાલા ફાડયને.
—ઓ પ્રાણુપતિ

નથી કોઈ અહિં મારૂં લાલા ! કયાં જઈ કરૂં કાલાવાલા ?
રંગા શિશુને, ખોળે લઇ ઓ બાપજી ! રમાડયને.
—ઓ પ્રાણુપતિ !

૯૭

ગરબો.

ખમા વીરાને જાઉં વારણે રે લોલ.–રાહ.

વ્હાલા કાના ! લઉં ત્હારાં વારણાં રે લોલ;
આત્મા તમામના આધાર જો. —વ્હાલા૦
માત–તાત–સ્ત્રી–પતિ–પુત્રાદિઓરે લોલ,
પ્રીતિપાત્ર આત્મ પ્રેમ માટ જો. —વ્હાલા૦
પ્રાણ વિના ઇન્દ્રિયોના જે સ્થિતિ રે લોલ,
તેમ આત્મા વિના તમામ જો. —વ્હાલા૦
રડી–કુટી–હાય–પીટ સહુ કરે રે લોલ,
આત્મા બિચારો એક જાય જો. —વ્હાલા૦
સત્ય સગો તુંજ પ્રાણી માત્રનોરે લોલ,
રંગ સાથ તુંજ આવનાર જો. —વ્હાલા૦

૯૮

રાગ પહાડી–તાલ કેરવા–શ્યામ ઝુલે હિંડોરા, કુંજન વનમેં.–રાહ

લાલ ઝુલો રસીલા શ્રી મધુવનમાં. ટેક

વિરાટરૂપે બ્રહ્માંડમાં ઝુલો,
હિરણ્યગર્ભ રૂપે સર્વમાં રે. —લાલ૦
સ્થૂળ રૂપે ઝુલો, કદંબ ડાળીએ,
સૂક્ષ્મ રૂપે ભકતના ચિત્તમાં રે. —લાલ૦

આકાશે ઝુલો બ્રહ્માંડ હિંડોળે,
  પ્રેમ પારણે ઝુલો પિંડમાં રે. —લાલ૦
ભક્તિની દોરડીથી હિંચકા નાખું,
  ઝુલો બ્રહ્મ જ્ઞાનના ગીતમાં રે. —લાલ૦
સૂર્ય ચંદ્ર તારલાઓની સંગાથે,
  રમતાં ઝુલો ગમ્મતમાં રે. —લાલ૦
રંગ હૃદયમાં ઝુલો કન્હેયા,
  રંગને ઝુલાવો વ્રજરજમાં રે. —લાલ૦

૯૯

ગરબો.

શા માટે શ્રમ કરે? સતિ તુજ પતિ ભક્તિ સાચી.—રાહ.

ધાજો કાના ધણી ! ધણી મ્હોટાના વ્હાલા ધણી ! (૨)
  ધણી જેને નહિ ત્હેના ધણી ! (૨)

સાખી.

સંકટમાં ગરકાવ છું, લેશ મળે નહિ ભાન;
રગ-રગ ત્રિદોષ વ્યાપિયો, નથી થતું નિદાન.

વૈદ્ય જોશીને ભુવા ગુંચાયા; રોગ, ગ્રહ ભૂતથી કહે મુક્ત કાયા;
  ગજું અમારૂં નથી, કોઇ લાવો ખરો જ્ઞાની (૨),
    અગર જાણે ધણીનો ધણી. (૨) ૧
હવે જવું ક્યાં કોની પાસે ? તાપ ને સંતાપે ઘેર્યો ચોપાસે,
  જ્ઞાની અથવા ધણી, મળે ક્યાં શું કરૂં ? ઓ ધણી ! (૨),
    કોઈ ધાજો ધણીના ધણી. (૨) ૨

સાખી.

તસ્દી કદિ આપી નથી, હિસાબ જોજો તાત !
જન્મ ધરી માગ્યું નથી, હવે નથી ઈલાજ.

રામજી પ્રભુને વસિષ્ઠ મળિઆ, ગુરૂજ્ઞાની મ્હારા તમોમાં ભળીયા,
શોધ કરૂં છું ઘણી, કોઇ આવો ખરો જ્ઞાની (૨),
અગર ધાઓ ઘણીના ધણી ! (૨). ૩

સાખી.

રાદય સુણી ધણી, ધાયો, રઘવાયો રઢિયાળ,
ઓ આવ્યો હું રંગલા ! હવે ન પાડીશ રાડ.

નાદ ગેબી સાંભળ્યો, તપાસ ત્હારી હાટડી,
ગુરૂ ઘણી ત્યાં વસે, જુવે છે કોની વાટડી ?
મળ્યા ગુરૂ ને ધણી, વ્યાધિ રંગાની સઘળી ટળી (૨),
રંગ છે ધણી તણા ઓ ધણી ! (૨) ૪

૧૦૦

સોહિણી–તાલ. દીપચંદી. જશોદા તુસે લરૂંગી લરાઇ.–રાહ.

પિયારી મ્હારી શું કહું સખિરી ?
લાલ દુલ્હારે મ્હને નિંદમાં જગાઢી.—પિયારી૦
લજ્જા અવિદ્યાને ઠેલી, જ્ઞાનવાગો પહેરી,
રંગો લે સચ્ચિદાનંદની લહેરો. —પિયારી૦

૧૦૧

રાગ–પરજ. ત્રિતાલ–જપિયે નામ જાકોજી.–એ રાહ.

કમલાકંત કાન્હાજી !
કૃપા સાગર હે, કાલાતીત ! સર્વેશ્વર સચરાચર સાચા.—કમલા૦
ભૂલ્યો ભટકયો ભૂખ્યો તરશ્યો, અંધ બધિર પંગુ રંગનાથા !
શરણાગતને લેજો ઉગારી. —કમલા૦

૧૦૨

રાગ–જંગલો–ત્રિતાલ–અબ ના બજાવો શ્યામ ! મોરલીયાં રે.–એ રાહ.

અખિયાં મિલાવો નાથ !
રસીલી મીઠી રે. —અંખિયાં૦
જવાળા જ્ઞાન નયનની બળવા લાગે રે,
પ્રસન્ન થાયે નંદલાલ. —અખિયાં૦
જ્ઞાન ભજનની અગન ગગન જો જાશે રે,
દર્શન દેશે રંગલાલ. —અખિયાં૦

૧૦૩

રાગ—અડાણા–તાલ ધ્રુપદ.

શ્રી નંદકુમાર ! વિશ્વ આધાર,
બિંબઅધર મુરલીધર !
નરવર વીર હલધર. —શ્રીનંદકુમાર !
દુઃખહર, સુખકર, દુઃખ ભવભયહર,
પામર નરને કરનાર અજરામર. —શ્રીનંદકુમાર !

વૃંદાવન કુંજ ગલીમાં વિહાર કરનાર,
રાસરમણ:! અશરણ શરણ !
સ્મરણ કીર્તન, માગણ રંગો અર્પે તન, મન, ધન–
કાન્હ તમ કૃપાધન.––શ્રીનંદકુમાર !

૧૦૪

જાગ્યને હો જીરે બંધવા બોલ દો એક વારજી.–એ રાહ.

કાઢયને હોજીરે ભવના કૂપમાંહ્યથી કાનજી !
લાલચમાં લપટાઇને રે ભાઇ, કુદી પડયો ભવકૂપ કનૈયા !
સુખડાં લેવાની હોંશે દોડતાંરે ભાઇ !
દુ:ખડાં દીઠાં બહુરૂપ કનૈયા ! ––કાઢયને૦
કાણી છે કોથળી સુખડાંની ભાઇ ભાઇ !
માંહ્ય ભર્યાછે વીંછી લાખ કનૈયા !
બ્હાર વિંટાયા સર્પો સેંકડો રે ભાઇ ભાઇ !
સુખને સાટે લેવાની રાખ કનૈયા ! —કાઢયને૦
રાજા–રાણીને કરોડો પતિને ભાઇ ભાઇ !
પૂછો હૈડાની ઉંડી વાત કનૈયા !
સુખીઓ પૂરા જો શોધી કાઢશો રે ભાઈ !
ખાઉં કહો તેટલી લાત કનૈયા ! —કાઢયને૦
શાસ્ત્ર બિચારાં અંતે શું વદેરે ભાઇ !
સુખી એક નંદલાલ કનૈયા !
સત્–ચિત્–આનંદ રૂપે કાનજી રે ભાઈ !
રંગાનો ગિરિધરલાલ કનૈયા ! —કાઢયને૦

૧૦૫

હીંચ—હે, લાલ ! આવો તો વ્હેલા વ્હેલા આવજો.—એ રાહ.

હો, અલબેલા ! આવો હમારી શેરીએ,
હાંરે મૂકી લાજ-કાજ, મોતીડે વધાવીએરે. —અલબેલા૦
ખેલ ખેલીશું આપણે બધા મળી,
દુઃખ દુનિયાનાં જાય સર્વે ટળીરે. —અલબેલા૦
હાંરે માડી રાધારાણી ન જાય ભૂલમાં,
હાંરે માડી ભક્તિ વિના સર્વ વાત ધૂળમાંરે. —અલબેલા૦
છેલ-છોગાળા છાના-માના આવજો,
હાંરે છબીલા પછી છચોક મોજ માણજોરે. —અલબેલા૦
નાથ નુગરામાં નેક નામ છે ચડયું,
હાંરે તોય હૈયું તમારી સાથ છે જડયું રે. —અલબેલા૦
વ્હાલા ! ગલી શેરી ચોકમાં ફરી વળો,
હાંરે રંગ અંગમાં અનંત ! અંતે મળોરે. —અલબેલા૦

૧૦૬

રાગ-ઝીંઝોટી-ત્રિતાલ-બતાદે સખી ! કોન ગલી ગયો શ્યામ?-રાહ

પધારો પ્રભુ ! આપણે કરીએ વેપાર;
પુણ્ય હું અર્પું, પાપો પણ અર્પુંરે;
શુચિ-અશુચિના પરિવાર. —પધારો૦
ધર્મો-અધર્મો-કર્મો-અકર્મોરે,
જ્ઞાન-અજ્ઞાન મુરાર. —પધારો૦

સાચું ને જૂઠું, સારૂં ને ખોટું રે;
સુખ-દુઃખના ભંડાર ! —પધારો૦
સ્વર્ગ-નરક સહુ, દ્વંદ્વ માત્ર દઉં રે,
સર્વ દઉં આવાર. —પધારો૦
રંગો બદલે, એકજ માગે રે,
ચરણ શરણ દ્યો નંદકુમાર. —પધારો૦

૧૦૭

રાગ પહાડી—સદા સંસારમાં સુખ દુઃખ સરખાં માની લઈએ—એ રાહ.

કનૈયાલાલજી ! કરો કૃપા ગયો છું હારી,
કસોટી ક્યાં સુધી હે, કૃષ્ણ ! કરવા ધારી ?—કનૈયા—ટેક

સાખી.

લક્ષ્મી કે સ્નેહી તણા, નાશ કારણે લાલ,
અશ્રુ પડતાં ઘડી-ઘડી, બની હાલ બેહાલ.
તથાપિ એક પ્રેમ અશ્રુ ત્હને ના અપાતું,
જગતના ઝેરી જીવનમાં ગઈ બુદ્ધિ મારી. —કનૈયા૦
બત્રીસી મધ્યે રહી, રસના જેવી રીત;
આધિ વ્યાધિ ઉપાધિમાં વ્યગ્ર રહે મુજ ચિત્ત.
અપાર માર આ સંસારના પડે છે શિરે,
તોયે થાકું નહિ શું મોહ ?—માયાના મદારી !—કનૈયા૦

સાખી.

ગાંડાં કાઢું જગમહીં, ભાત-ભાતનાં તાત !
ત્હારે માટે કાઢતાં, થાયે સન્નિપાત.

કરાવશો ક્યારે વ્યાકુળતા ત્હમારે માટે ?
  બંચાવો હે, પ્રભુ! ના રહી હવે બચવાની બારી.—કનૈયા૦

સાખી.

મહાસાગરમાં પૂતળી, લવણુ તણી ગળી જાય;
સાકર, લીંબુ રસ મહીં, જેમ પૂર્ણ મળી જાય.
સત્-ચિત, ને આનંદ સાગરે રંગો ઝબોળો;
  ત્હમારા પાદપંકજે સદા રાખો મુરારી !—કનૈયા૦,

૧૦૮

રાગ રામગ્રી. વૈદરભી વનમાં વલવલે.—એ રાહ.

એટપતિ મ્હારા બાપલા ! શું મોઢું લઇ આવું ?
  વ્યાધિ લાગ્યો અભિમાનનો, ઔષધ ક્યાં થકી લાવું ?—એટ૦
ભજન ગાતાં ત્હારા નામનાં, લાજથી હું લજાઉં,
  દંડવત્ પડતાં હું* રાજીઓ, અતિશય શરમાઉં.—એટ૦
પ્રેમનાં આંસુડાં પાડતાં, બાયલો કહેવાઉં;
  નાચું, કૂદું, હસું, રોઉં તો, મહા મૂર્ખ મનાઉં.—એટ૦
ગર્વ ચડયો મ્હને જ્ઞાનનો, અથડાઉં કુટાઉં,
  કાળો અક્ષર કૂટિ મારિયો, વેશ કાઢી મુંઝાઉં. —એટ૦
મિથ્યાવાદો આખી જીંદગી, જીતી ગર્વ કમાઉં;
  કર્મ-ભક્તિ-જ્ઞાન સર્વનાં, હાસ્ય કરી હરખાઉં.—એટ૦
પરહિત આદિના દંભમાં, માન પામી ફુલાઉં,
  શાન્તિ નહિ મુજ હૃદયની, રાત-દિન અકળાઉં.—એટ૦

+પાસે રાખ્યો વર્ષ પાંચ તેં, કૃપા શી ત્હારી ગાઉં !
 *કટાળા સંસ્કાર પૂર્વના, સુખસાગરમાં ન્હાઉં.—બેટ૦
વડીલ કૃપાના પ્રતાપથી, સ્મરણ તાહરૂં આવ્યું;
 ગર્વ રહિત થઇ લોટી પડયો; હૈયું ખૂબ ભરાયું.—બેટ૦
અરજી કીધી ભીના હાર્દથી, ભૂંડા સોગન ખાઉં;
 ભારેમાં ભારે સજા લઉં, છોડી પાલવ જાઉં. —બેટ૦
જેવો તેવો પણ તાહરો, શરૂણું ત્હારૂં હું લઉં,
 ત્હને છોડીને બીજે કંઇ, બાપા ! કહિયે ન જાઉં.—બેટ૦
રંગ સ્વામી રંગ ભેટીયો, રંગ રંગે રંગાઉં,
 રણછોડ આજ્ઞાની માળ આ, જોઇને મલકાઉં. —બેટ૦
રંગમાળે રંગ રાખીયો, રંગા આતે શું સાચું ?
 રંગભૂમિ જેવો રંગ આ આ શું આંખોનું કાચું?—બેટ૦
રંગભૂમિ રંગીલી કરો, રંગીલા ! રંગ યાચું;
 રંગના બંબા ઉરાડીને, રંગમાં રહી રાચું. —બેટ૦

---

* રાજા જેવો.

+ પાંચ વર્ષ દ્વારકાં બેટમાં ભજન લખનાર રહી શકયો હતો.



રંગમાળાની આરતી.

જયદેવ જયદેવ, જય જય નંદલાલા ! (૨)
મુરલી અધર ધરંતા, સામઋચા વદતા.—જયદેવ જયદેવ.૦
આજ્ઞા થઈ રણછોડ, મહા સુખ મળવાને, (૨)
માળા ત્હારા નામની, તયાર કરવાને. —જયદેવ જયદેવ૦
ભક્તમાળના મણુકા, એકસો અને આઠ, (૨)
આ માળાના મણુકા કીધા છે તુજ માટ.—જયદેવ જયદેવ૦
જન્મ ધરીને ક્હાન ! કાવ્ય ન કીધું એક, (૨),
આ તો કાલાવાલા, બાળમૂર્ખની પેર. —જયદેવ જયદેવ૦
વનમાળાની સાથ, આ માળા ધરજો, (૨)
અંતકાળ સેવકને, પ્રભુ ! દર્શન દેજો. —જયદેવ જયદેવ૦
હું નવ છોડું ટેવ, તું પણ ના છોડે, (૨)
મુજ સ્હામું નવ જોશો, જુઓ બિરદ સ્હામે.—જયદેવ જયદેવ૦
દોષોના ભંડાર, ભરિયા મ્હારામાં, (૨)
માફીની સત્તા છે, ક્હાના ! તારામાં. —જયદેવ જયદેવ૦
નહિ સતાવું નાથ ઝાઝું કહી ફરીને; (૨)
રંગને બક્ષો માફી, દર્શન દઇ દઇને. —જયદેવ જયદેવ૦

શ્રી કૃષ્ણ કીર્તનાંજલિ.

૧

કાન બ્રહ્મ યુગલરૂપે સાચો,
હો, બંધુ મારા કાનની કૃપાને ત્હમે યાચો. —ટેક
રાધાકૃષ્ણ યુગલ નંદલાલને નિહાળજો,
રાધા રમણ માંહિ તેથી રાચો,
અર્ધ નારી નટેશ્વર રૂપ રૂડા યુગલનું,
માયાવિષ્ટ બ્રહ્મ વેદ વાંચો. —હો, બંધુ મારા૦
નીલમ રાધાજીને, મુક્તાફળ કાનજીને;
નીલપીત વસ્ત્ર રાધે કાનો,
નીલ કૃષ્ણ સાગરે છે, ગૌરચંદ્ર બિંબ જેમ,
શ્રીકૃષ્ણ યુગલરૂપ લાલો. —હો, બંધુ મારા૦
તારલા સમક્ષ જેમ આગિયો પ્રકાશવાન.
ચંદ્રમા સમક્ષ તારલાઓ;
સૂર્યની સમક્ષ ચંદ્ર તેજવાન જેવો,
કાન તેજ પાસ સૂર્ય તેવો. —હો, બંધુ મારા૦
ઢોલ ને નગારાં મધ્યે પિપુડી પુકાર જેમ,
વજમાર આગળે તમાચો;
દીન-રંક રંગનું જો માનવું હોય તો,
નંદલાલ યુગલ પાસ નાચો. —હો, બંધુ મારા૦

૨

લાવણી—મ્હાડની ચાલ.

ડરના તું દિલ સાથ છોકરા ડરના તું દિલ સાથ—એરાહ.

શિવજી અને તું એક કાનજી ! શિવજી અને તું એક,
જ્ઞાનીને એજ વિવેક-કાનજી ! શિવજી અને તું એક
ગોરા શંભુ ભોળા, કપટી તું કાળા,
ભોળે પીધું ઝેર જગહિત માટે,
ગંગા ઝીલી જાતિ ભૂતળ વાટે,
લક્ષ્મી લીધી ચાલાકીથી ત્હેં સાટે,
રંગનો ભોળો કપટી એક.—કાનજી ! શિવજી અને તું એક.

૩

ભજન.

હવે મને હરિનામથી નેહ લાગ્યો—એરાહ.

અર્થોમાં પ્યારી ઇન્દ્રિયો કયાં લગી રોળાશો ?
કાનો ભજવાને થાક ખાશો રે ? —અર્થોમાં૦
પતંગીયું પ્રાણ અર્પે રૂપની ખાતર,
મછલી ભ્રમરો રસ ગંધ માટે,
મૃગલો પ્રિય શબ્દ સાટે,
હાથી ફસવાનો સ્પર્શ વાટે રે. —અર્થોમાં૦
એક એક અર્થ ખાતર પ્રાણ જ અર્પે,
બુદ્ધિ વિણુ પશુડાં ભોળાં રાંકાં,
દશ ઇન્દ્રિય અર્થ વાળો,
નર પશુ રંગો મારે ફાંફાં રે. —અર્થોમાં૦

૪

ભરથરી ભ્રાત વિચારીને તમે કરો હું ઉપર કોપ—એરાહ.

દુનિયાના ધર્મો જૂદા પણ અંતરમાંથી અભેદ;
પ્રભુ બાળ સર્વ (૨), ત્યાં કયાંથી આવે ભેદ ?
અંધ ઝનુન આગ્રહવાળાને ભેદ એજ છે ખેદ. —દુનિયા૦
ખ્રિસ્તીના ગૉડ, ઈસ્લામી ખુદા, આપે ભક્તોને સ્વર્ગ,
જિન કર્મોની મુક્તિ, બુદ્ધનું નિર્વાણુજ છે સ્વર્ગ.—દુનિયા૦
કૈલાસ શૈવ, ગોલોક વલ્લભી, વૈષ્ણવનું છે સ્વર્ગ,
ઇતર બધા વૈષ્ણવનું વૈકુંઠ, એજ ઠર્યું છે સ્વર્ગ.—દુનિયા૦
નૈયાયિક વૈશેષિક બન્ને ને, પદાર્થવિવેક, સ્વર્ગ,
સાંખ્ય યોગમાં પ્રકૃતિ પુરૂષનો, ભેદ બન્યું છે સ્વર્ગ.—દુનિયા૦
વૈશેષિક તેમજ યોગ પ્રભુને, આપે છે કંઇ ઠામ,
પૂર્વમીમાંસા સ્વર્ગ દઇને કહે પ્રભુનું શું કામ ? —દુનિયા૦
સુધારક નાસ્તિક નેતાનું વળી, સ્વચ્છંદજ છે સ્વર્ગ,
જડવાદીનું સ્વર્ગ નીતિ, મૂર્ખાનું મોહ જ સ્વર્ગ.—દુનિયા૦
વેદાંત મોક્ષ જે બ્રહ્મજ્ઞાન સામાન્ય, ધર્મ સઘળામાં,
રંગનાથને ધર્મ સ્વર્ગને, મોક્ષ એક કાનમાં. —દુનિયા૦

૫

કવાલી.

દ્વેષિલા ને અભિમાની, થયા જગમાં હજી થાશો;
સુયોધન કુળ સંહાર્યું, દ્વેષીલા હો તો એવા હો. ૧

અહંકારીમાં રાવણ એક, અંત સુધી ન મૂકી ટેક,
કીધું નિર્બીજ રાક્ષસ નામ, અહંકાર હો તો એવો હો. ૨
શિશુપાલ કંસ ને ત્રીજો, હિરણ્યકશિપુ ખારીલો,
રાત દિન ખારમાં રોળ્યા, ખાર જો હોતો એવો હો. ૩
ટેકીલા પાકશે ઘર ઘર, ભીષ્મ દાદા શિખર ઉપર,
જીંદગી ટેકમાં કાઢી, ટેક જો હો તો એવી હો. ૪
બ્રહ્મચારી તણા દાવા, કરે છે સેંકડો આવા*
નિર્ભય શુક મારૂતિ સાચા, બ્રહ્મચર્ય હો તો એવું હો. ૫
ભક્ત પાક્યા જગત્‌માં ખૂબ, ભક્ત નારદજી આબે હુબ;
વીણા ક્ષણ એક ના મૂકી, ભકત જો હો તો એવો હો. ૬
ત્યાગ તન મન અને ધનના, દિસે છે દેશ દેશોમાં,
ત્યાગ ગોપીતણો સાચો, ત્યાગ જો હો તો એવો હો. ૭
ક્રોધી થાઓ ભલે જગમાં, ક્રોધથી મુક્ત નહિ જનમાં;
ખરા ક્રોધીજ દુર્વાસા, ક્રોધ જો હો તો એવો હો. ૮
પુરૂરવ કામીનો કામી, તબલચી ઉર્વશી કેરો;
તમાચો ખાઇને ચેત્યો, કામી જો હો તો એવો હો. ૯
દધીચિ કર્ણ બળિ શિબિરાજ, થયા દાનેશ્વરીના તાજ;
અચળ નામો રહ્યાં આજે, દાનવીર હો તો એવા હો. ૧૦
ખુદા ગૉડ બ્રહ્મ કે ઇશ્વર, રામ વિષ્ણુ કહો કે હર;
રંગનો કહાનજી ઇશ્વર, પ્રભુ તો કહાન એકજ હો. ૧૧

* પ્રસિદ્ધ રીતે.

૬

ગરબો—સખી મ્હને ભણવાની થઈ છુટી રે.—એ રાહ.

માયા કદિ કાનને નવ લાગીરે;
  બ્રહ્મા વિષ્ણુ મહેશને લાગી. —ટેક
રામચંદ્ર માયામાં ગુંચાયારે,
  સતી સીતાને ત્યાગી પસ્તાયારે;
અહિરાવણની માયામાં ફસાયા. —માયા
  બ્રહ્મા ડગલે ને પગલે મુંઝાયારે,
શંભુ ભીલડીથી લપટાયારે;
  માયા મોહિનીમાં સપડાયા. —માયા
વિષ્ણુ દૈત્ય દાનવમાં ભરાયારે,
  ક્ષીરસાગરે નેતરાં તાણ્યાંરે;
સતી વૃન્દાના ફંદામાં આવ્યા. —માયા
  ઉક્ત ચારોએ કીધાં કામરે,
તેથી ચોગણાં કીધાં કાનરે;
  માયા લાગી નહિ કોઇ ઠામ. —માયા
ભીષ્મદાદાને મારવા ધાયારે,
  એ તો ભક્ત પ્રતિજ્ઞા પળાવારે;
જાણી બુઝી થયા વશ માયા. —માયા
  માત્ર શાલ્વની ક્ષણભર લાગીરે.
દુનિયાંને લીલા બતલાવીરે;
  રંગાની ભવ ભાવટ ભાગી. —માયા

૭.

ગરબો.

સાંજની શોભા તે રળીયામણી—એ રાહ.

પ્રેમની કરૂં શું બેન વાતડી?
હાંરે પૃથ્વી ઉભી રહી છે પ્રેમ કારણે હોજીરે. —પ્રેમની.
હાંરે સૂર્ય પ્રેમથી જીવે છે પ્રેમી ચાંદલો,
હાંરે સિંધુ નાચે ચાંદાના પ્રેમથી હોજીરે. —પ્રેમની
હાંરે ગગન તારા નક્ષત્ર પ્રેમથી ટક્યાં,
હાંરે કોટિ બ્રહ્માંડો પ્રેમને નમી રહ્યાં હોજીરે. —પ્રેમની
હાંરે બાદશાહી શેહેનશાહીઓ ઉડી ગઇ,
હાંરે રાજ્ય પ્રેમનાં અખંડ છે રહ્યાં બની હોજીરે. —પ્રેમની
હાંરે માત તાત સ્ત્રી પતિ સગાં સંબંધીઓ,
હાંરે બધાં આત્મ પ્રેમનાંજ પાત્ર માનજો હોજીરે. —પ્રેમની
હાંરે કાનો પ્રેમની મીમાંસા પ્રત્યક્ષ છે,
હાંરે રંગો પ્રેમ રૂપ કાનજીનું કીર્ણ છે હોજીરે. —પ્રેમની

———

૮

વીર જાગો જાગોરે—એ રાહ.

બંધુ ચેતો ચેતોરે, કાળ જાય છે વહી;
આંખ ન ખોલો શું હજી? મતિ તમારી ક્યાં ખસી?
પંડિત ચેતો ચેતોરે.—પંડિત૦

જુઓ આ બધું ફના, મરતાં દેખો છો સગાં;
તોયે ન જાય વાસના, ઘણો થયો ફજેતો રે;
ઘણો થયો ફજેતો રે.—બંધુ૦
કર્મ ભક્તિ જ્ઞાનની, ત્રિપુટિ શોધી ખંતથી;
વળગો એક ઉમંગથી, હું થાકયો કહેતો કહેતો રે.
હુ થાકયો કહેતો કહેતો રે.—બંધુ૦
કાંઈ ન બને આપથી, રંગ કહે બચો પાપથી;
ચિત્ત સાંધો કાના બાપથી, કહ્યું કહેવાનુ મેંતોરે.
કહ્યું કહેવાનું મેંતોરે.—બંધુ૦

૯

ગરબો.

રાગ—અહો બ્રહ્મનાદ ગાજે—એ રાહ.

મોહન મોરલી સુણીને, મધુરી બંસરી સુણીને;
નાચે થેઇ થેઇ સૃષ્ટિ બધી આનંદમાં;
ભક્ત જ્ઞાની ફસીયા એ બંસરીના ફંદે —મોહન૦

સાખી.

સામવેદ સંગીતથી, એ મુરલી ભરપૂર,
ઋચારૂપે સ્વર નીસરે, ઉભરે સૃષ્ટિનું ઉર;
સ્થાવરોને જંગમો સૌ ખળભળી ઉઠયાં.— મોહન૦

સાખી.

જળચર સ્થળચર પ્રાણીઓ, અચળ અને ચળમાત્ર;
બ્રહ્માંડો તત્ત્વો બધાં, બની ગયાં છે સ્તબ્ધ;
હૃદય રંગ નીસર્યું, એ સ્વરને વધાવા. —મોહન૦

૧૦

ભજન.

વ્હાલા વેગે આવોરે, દયા દીલે લાવોરે.—એ રાહ.

હૈયું જરા ખોલોરે, મનનો મેલ નિકાલો રે,
અંતર દષ્ટિ ખુલશે હોજી.
ઝળળળળળ ત્યાં ઝળકશે અંતર્યામી સ્વામીરે. ——અંતર૦

સાખી.

ઘણા જનમની વાસના ઇષ્ટ હતી દિલમાંય,
સાક્ષાત્કાર થશે ત્યહાં ઇષ્ટ વસ્તુ તત્કાળ;
આનંદ લેહરો લેશોરે. ——અંતર૦

સાખી.

ક્રોટપતિ જદુરાયનાં, રોમ રોમ બ્રહ્માંડ;
રંગ હૃદય સઘળાં દિસે, જ્યહાં બીરાજે કાન;
અદ્વૈત સાગર ઝીલોરે— ——અંતર૦

૧૧

લાવણી.

રાગ—ઝીલ્લો. શ્યામ રંગ સમીપે ન જાઉં—એ રાહ.

કાન કિયો ? કાન કિયો ? કાન કિયો ?
બ્હેની મને સાચું કહો, કાન કિયો ? કાન કિયો ?
મુંઝવણ મોટી મનમાંરે,
બ્હેની મને સાચું કહો કાન કિયો ? કાન કિયો ?

ગોકુળ મથુરાં કે વૃન્દાવનનો,
કે, દ્વારકા સમુદ્ર પેલી પારનો હો ? —બ્હેની૦
નંદરાય વસુદેવ બેમાંથી કોનો ?
કે દેવકી યશોદાજી માતનો હો ? —બ્હેની૦
વ્રજનો એ બાળકો બે હાથ વાળો,
કે, દ્વારકાંનો ચાર હાથ વાળો હો ? —બ્હેની૦
મીઠાં મીઠાં ગોરસ વ્રજમાં ખાનારો;
કે માલપાણી દ્વારકે ઉડાવનારો ? —બ્હેની૦
બાળ બ્રહ્મચારી ગોપી સાથ રમનારો,
કે, રાણીઓ હજારો* રમાડનારો હો ? —બ્હેની૦
ગોપબાળ સાથ વાત ઢોરની કરનારો,
કે, અર્જુનને ગીતા કહેનારો હો ? —બ્હેની૦
શૃંગાર રસનો પુરો એ રસીઓ,
કે, કામદેવને જીતનારો હો ? —બ્હેની૦
ગોપીઓનો પ્રેમી કિતવ ઇલકાબવાળો,
કે, શિશુપાળ ગાળ ખાનારો હો ? —બ્હેની૦
કુટુંબ કબિલાર્થે પ્રાણનો દેનારો,
કે, યાદવાસ્થળિ કરનારો હો ? —બ્હેની૦
કેદખાને ગુપ્તપણે પ્રકટ થનારો,
કે, વગડે દેહ છોડનારો હો ? —બ્હેની૦
માત તાત જન્મ બધો સુખનો દેનારો,
કે, એકલા મૂકી જનારો હો ? —બ્હેની૦

---

* રમાડનારો અર્થાત્ ન્હાનપણમાં શ્રીકૃષ્ણને ગોપીઓ રમાડતી અને મ્હોટપણમાં પોતે રાણીઓને રમાડતા, મતલબ કે નિત્ય લીલા કરતા હતા.

ઢોર ચારવાની નીતિ ગોપને કહેનારો,
કે, રાજનીતિ શિખવાડનારો હો ? —મ્હેની૦
જશોદાની પાસ જુઠાં જુઠાં કહેનારો,
કે, સત્યજ્ઞાન આપનારો હો ? —મ્હેની૦
કાળયવન જરાસંઘથી ન્હાસનારો,
કે, અજબ પેતરા બતાવનારો હો ? —મ્હેની૦
પુછી પુછી થાકી નહિં પત્તો કાનાનો,
રંગ સત્ય બ્રહ્મ માયાનો હો ? —મ્હેની૦

૧૨

ગરબો—ગરૂડે મ્હડી આવજો ગિરિધારી—એ રાહ.

આવ્યો ત્હારે દ્વાર શરણું લેવા,
ભિક્ષા માગું બાપ નથી કાંઇ ખાવા. —આવ્યો૦
પાપો અગણિત કીધાં મેં કેવાં ? કરૂંછું ને કરીશ હજી દેવા;
પણ મ્હારે થી લેવા કે દેવા ? —આવ્યો૦
એક કૃપા કટાક્ષ જો થાય, પાપમાત્રજ નાશી જાય;
સ્હેજ વૈકુંઠ ધામ પમાય. —આવ્યો૦
ત્હારી માયામા હું ગુંચવાયો, નીસરી ન શકું રઘવાયો;
રંગનાથને માર્ગ બતાવો. —આવ્યો૦

૧૩

રાગ પરજ તાલ–જલદત્રિતાલ

તકદીર બડી તદબીર થકી,
કાન બતાવે કૌરવકુળને, નાશ દ્રૌપદી *ચીર લખી.–તકદીર૦
દુનિયાં માયાફંદે ભટકી, રંગગાડી કંઇ ના અટકી?–તકદીર૦

---

* દ્રૌપદી વસ્ત્રહરણ વખતે ચીરો (વસ્ત્રો) ઉપર કૌરવના નાશનાં ચિત્રો કૌરવોએ પ્રત્યક્ષ જોયાં પણ ચેત્યા નહિ.

૧૪

રાગ સીયાનો કાન્હરો–તાલ દીપચંદી.

ચિત્ત કરો સ્થિર પ્રભુ કાનામાં,
એજ માર્ગ ભુ મેળવવામાં. —ચિત્ત૦
પરવશ જાર પુરૂષ યા નારી;
પ્રભુમય વૃત્તિ કરોજ ત્હમારી. —ચિત્ત૦
નજર, મખ્ખી, દિલવાન નિશાના,
એક થયે રંગ એક ને કાન્હા. —ચિત્ત૦

૧૫

કેપ્રી સહિયર જેનો કંથડો–એ રાહ.

દાવો વેદાંતનો નહિ કરો, નથી સ્હેલી એ વાત. —ટેક.
બ્રહ્મ સૂત્ર વેદશાસ્ત્ર જોઇ વળો, એમાં છે બહુ પંચાત. —દાવો૦
બ્રહ્મસૂત્રના આરંભમાં રે, શબ્દ પહેલો જે ભાઇ;
અર્થ કેવો અથ શબ્દનો ક્યો ? એમાં સમજો છો કાંઇ?—દાવો૦

અધિકાર જે મળ્યા તલાટીને રે, તેની બહાર ના જવાય;
વાપરે સત્તા કલેકટરોતણી, પાયમાલ છેક થાય. —દાવો૦

સાધન ચતુષ્ટયના વિના રે, મહાવાકય જો બોલાય;
પોપટ બોલે સમજ્યા વિના, તેની તુલમાં ગણાય. —દાવો૦

સ્વાર્થ સાધવા વેદાંત દંભથીરે, ઠગો દુનિયાંને ખૂબ,
સાધન સંપન્ન થઈ સાધશો, સત્તા સાંપડે જરૂર. —દાવો૦

શુદ્ધ બુદ્ધિ ને જો શુદ્ધ ભાવથીરે, કરો કાન્હથી સગાઇ
બ્રહ્મનો આનંદ રંગ ! પામશો, નહિ તો મિથ્યા ભટાઇ.—દાવો૦

૧૬

ગરબો—જૂગટું રમતાં નળરાય આજે હાર્યોછે.—એરાહ.

હૃદય અને મન વચ્ચે જાગ્યો ઝગડોરે,
કહાનાનું કયાં રહેઠાણ ? મ્હોટો રગડોરે, —ટેક.

તર્ક અને અનુભવનો લઇ મારગડોરે,
પંડિતના પક્ષો પડયા ચઢયો વરઘોડોરે. —હૃદય૦

જીવ આતમા ને પરમાત્મા કહ્યા,
કહાન બ્રહ્મના જ સર્વ ઘાટ જો.
વિશ્વવ્યાપી કહાન પછી પ્રશ્ન કયાં રહ્યા ?
અણુ થકી અણુ ધરે છે રૂપ કાનજી,
ગિરિ થકી વડો બને વિરાટજો. —વિશ્વવ્યાપી૦

મન હૈયાનો કજિઓ ચાલ્યો લાંબોરે,
કોઇએ ન કર્યો નિકાલ, ખડો છે વાંધોરે.
રંગ કોર્ટમાં સ્હડયો એ કેસ અંતમાં
મન માત બુદ્ધિ બની પંચજો, —વિશ્વવ્યાપી૦
માત હુકમથી મને દીધોજ ઇસ્તિફો,
હ્રદયને નમ્યાં કુમાર માત જો. —વિશ્વવ્યાપી૦

૧૭

ગરબો—ચંદ્રીએ અમૃત મોકલ્યાંરે બ્હેન—એ રાહ

પિંડમાં બ્રહ્માંડ છે સમાયલુંરે બ્હેન !
બાહ્ય ચક્ષુને નહિ દેખાય, ખેલ કારમોરે બ્હેન !
કાન્હજીની ઇન્દ્રજાળ છે બધીરે બ્હેન ! —ટેક
અંધકાર જ્યાં સુધી અજ્ઞાનનોરે બ્હેન !
બાહ્ય નેત્ર સાવ છે નકામ, ખેલ કારમોરે બ્હેન, —કાન્હજી૦
જ્ઞાન રૂપી સૂર્યના પ્રકાશમાંરે બ્હેન,
હ્રદય દિવ્ય નેત્ર નેજ દશ્ય, ખેલ કારમોરે બ્હેન,—કાન્હજી૦
પંચમહાભૂતનું બ્રહ્માંડ છેરે બ્હેન !
પંચમહાભૂતનો આ પિંડ, ખેલ કારમોરે બ્હેન, —કાન્હજી૦
બ્રહ્મ એક તત્ત્વ છે વેદાંતનુંરે બ્હેન !
સાંખ્ય ન્યાય શાસ્ત્રમાં વિશેષ ખેલ કારમોરે બ્હેન,—કાન્હજી૦
હાલનાં વિજ્ઞાન શાસ્ત્ર થાકીયાંરે બ્હેન !
અંતમાં ઠરાવ્યું તત્ત્વ એક, ખેલ કારમોરે બ્હેન,—કાન્હજી૦
રંગને ન તત્ત્વની પંચાતરે હો બ્હેન !
કાન તત્ત્વ પિંડ ને બ્રહ્માંડ, ખેલ કારમોરે બ્હેન,—કાન્હજી૦

૧૮

ગરબો

ઓધવ નંદનો છોરો તે નમેરો થયો રે લોલ.—એ રાહ

મ્હને મુંઝવે છે કાન્હ ! ત્હારી મોહિની રે,
એ તે મોહિની કે ઝેરભારી કામિની જો. —મ્હને૦

દૈત્ય, રાક્ષસો ફસાયા એના મોહમાંરે,
યોગીરાજ શંભુને લીધા ઝપટમાં જો, —મ્હને૦

બ્રહ્મા, વિષ્ણુ, રૂદ્ર મુક્ત નહિ મૂળમાં રે,
* શુકો એકલો પડયો ન એની જાળમાં જો. —મ્હને૦

બાદશાહી શહેનશાહીઓ એમાં ગઇ રે,
પામર માનવી બિચારાની શી ગતિ જો ? —મ્હને૦

દેશ, ગામ, રંક, રાય, થયા પાયમાલ રે
વાંચુ દેખું સૃષ્ટિમાં બધે છે એજ હાલજો. —મ્હને૦

શિખર નજિક સુધી પહોંચ્યા ઘણા તપેશ્વરી રે,
એક હાથ દૂરથી પડ્યા છે લપસી જો. —મ્હને૦

બાધ દેશ-કાળનો ન મોહ મૂઢ પ્રાણીને,
પડે કૂપ ખુલ્લી આંખ જોઇ-જાણીને જો. —મ્હને૦

શક્તિમાન છતાં શૂર જીવ જે બચ્યો રે,
તે તો નિશ્ચે જગતમાં જીતિયો જો. —મ્હને૦

મોહમુક્ત કાન ભક્ત જે બતાવશે રે,
રંગ ત્હેને લળી લળી પાવ લાગશે જો. —મ્હને૦

---

* શુકો=શુકદેવજી.

૧૯

રાગ–અલૈયા બીલાવલ-તાલ દીપચંદી.પધારે પોપટ સજારામને એરાહ

હંસલો પડયો રે પિંડપીંજરે, છૂટો થાવાને તલસે,
જાણી–બુઝી બંધવો થયો, તેને કોણ રે છોડાવે ?–હંસલો૦
* માંનસરે વાસો તાહરો, મોતીનો ત્હારો ચારો;
તે તું છોડીને ૦ડાલા હંસલા ! બગલો થાવાને એઠો.–હંસલો૦
સૃષ્ટિ સકળ સરદાર તું, ત્હને શૃંખલા શાની ?
સ્વરૂપ સંભાર હંસા શાન્તિથી, માયા વળગી વિકારી.–હંસલો૦
નંબર પહેલો રૂડા હંસલા, અવતારોમાં ત્હારો,
નષ્ટ થયું બ્રહ્મજ્ઞાન તે, દેવોને તું દેનારો. —હંસલો૦
સોઽહમ્ સોઽહમ્ હંસા વ્હાલમા ! શ્વાસુ ઉચ્છ્વાસ રૂપે;
પ્રણવતણો ૐકારતું, હંસા બ્રહ્મસ્વરૂપે. —હંસલો૦
હાડપિંજર બંધ છૂટિયાં, મ્હારો કાન્હો રટયાથી;
હંસો કે રંગ ભમ ઉડિયો ? સમજો કૃષ્ણ કૃપાથી. —હંસલો૦

૨૦

ગરબો.

આઘા આવોને કહું વાતડી બિહારિલાલ.–એ રાહ

માયા મુકાવ માયામાવડી. —બિહારિલાલ !
ધાવણો નથી જરાય માવડી. —બિહારિલાલ !
ગોદમાં તે કયાં સુધી હું માવડી ? —બિહારિલાલ !

* માન સરોવરે.

પશુ પક્ષિથી ગયો શું માવડી ? —બિહારિલાલ !
તાતને છુપાવ કેમ માવડી ? --બિહારિલાલ !
કહ્યું માન જેમ તેમ માવડી ? —બિહારિલાલ !
માત વિના કોણુ સુણે વાતડી ? —બિહારિલાલ !
પટલ કાઢ જોઉં ખૂબ વાટડી. --બિહારિલાલ !
ખેલ કરૂં અંત ખાસ માવડી. —બિહારિલાલ !
જઇશ સીધો તાત પાસ માવડી. —બિહારિલાલ !
દ્વૈતમાંય ઓશિયાળ માવડી. —બિહારિલાલ !
રંગ દ્વૈત મુક્ત હાલ માવડી. —બિહારિલાલ !

૨૧

ગરબો.

મ્હને રસ્તા વચ્ચે રોકી લાલ છેલ છબિલે છોગાળે.—એ રાહ.

અલિ ! હાર્યો હાર્યો હાર્યો કાન, આખર કાનો હાર્યો હો;
હું જીતી જીતી જીતી બ્હેન, નારી પણ *હું જીતી હો.
જપ તપ ને યોગ નહિ ફાવ્યાં, હથિયાર જ્ઞાનનાં મુકાવ્યાં;
કર્મો બિચારાં થાક્યાં બ્હેન ! —આખર૦
સ્ત્રી જાત આપણી અજબ ખરી, અબળાની સબળા સત્ય ઠરી;
સ્ત્રી ચરિત્ર કરી હરિયો હરિ બ્હેન ! —આખર૦
ચટકો મટકો મારો લટકો, ખટકો પણ કામણુનો કટકો;
ચાળો ખેલાડી નટનો બ્હેન ! —આખર૦

---

* ભક્તિ.

નવ પ્રકાર છે મ્હારા સરજ્યા, પણ રહસ્ય કોઈ નહિ સમજ્યા;
ભૂલાવામાં સહુ ભટક્યા બ્હેન ! —આખર૦

હું નાચું, કુદું, રોઉં, હસું; ધાર્યું કરૂં, એક ઘડી ન ખસું;
નિશદિન રંગા હૃદયે રહું બ્હેન ! —આખર૦

૨૨

રાગ દેશ—તાલ ગઝલ.

ડુબ્યો આજ તાપ વિલાપમાં બંધુ ત્હારો વિક્રમાદિત્ય રે.—એ રાહ.

મોટું કોણ ઇષ્ટ ને ભક્તમાં કાન્હા ! કહો કૃપા તણા સાગરા ?—ટેક

નામ-રૂપ જેને નથી અડયું, તેવું બ્રહ્મ નિર્ગુણ છે ઠર્યું;
સાચા ભક્ત બ્રહ્મસ્વરૂપ છે, જુઓ આંખ ઉઘાડીને જરા.—મોટું૦

બ્રહ્મા, વિષ્ણુ, શંભુના સ્થૂળમાં, રજ, સત્વ, તમ ગુણ મૂલમાં;
ગુણાતીત કોઈ મળે નહિં, બીજા દેવની શી વારતા ? —મોટું૦

દેવવાણી થાય મિથ્યા કદા, ભક્ત વાણી સત્ય થઈ સદા;
ભક્ત ટેક આગળ દેવ સહુ, દિસે છે બિચારા પામરા. —મોટું૦

ભક્ત કાજ નિર્ગુણ કાનજી, લીધા વેશ બહુ નંદલાલજી;
સામ, દામ, દંડ, ને ભેદ, ઉપાયો લીધા બહુ આકરા. —મોટું૦

કાન કહે ભક્તાધીન દેવ છે, મુજાવર થકી પીર દેવ છે;
રંગા ભક્ત મોટા અમો થકી, ભક્તાથી અમો તો ઉજળા—મોટું૦

૨૩

મરાઠી સાખી.

અજબ છે માયા લાલ ! જીવડો શું સ્હમજે બિચારો ?

શિશુવયમાં તેડી તેડીને, પ્રેમે લઈને ફરતાં;
કુમાર વયમાં તે દૂર ખસીયાં, નવા ગોઠીયા કરતાં. —અજબ૦

પૌગંડાવસ્થામાં પેઠાં, પેલાં માંડયાં ખસવા;
નવાં સાધનો નવી ગોઠડી, દોસ્ત થયા પણ નવા. —અજબ૦

યુવાન વયમાં સહુને ત્યાગ્યાં, જૂનાં થયાં અકારાં;
ગ્રહણી કેરાં નવાં સગાં તે, થયાં અતિશય પ્યારાં. —અજબ૦

મધ્ય અવસ્થા આવી ત્યારે, પૂર્વ સ્નેહી સંભાર્યાં;
શિશુવયમાં તેડીને ફરતા, અડધાં કાળે તાર્યાં. —અજબ૦

ધીમે ધીમે આગળ વધતાં, ચાલ્યા પાછળ ખોતાં;
સીમ ક્ષિતિજની પાસે આવી, ટુંકી થાતાં થાતાં. —અજબ૦

પિતા થયો જ્યારે એ જીવડો, પિતા પોતાના ખોયા;
મુસાફરીમાં આગળ વધતાં, નવલા મુલકો જોયા. —અજબ૦

દરિયા કાંઠો છોડી ચાલ્યા, ઝાંખો કાંઠો ન્હાસે;
ક્ષિતિજમાં દેખાતાં છેવટ, જળમય સૃષ્ટિ ભાસે. —અજબ૦

જો કમબખ્તી હોય જીવની, સાઠ ઉપર જઈ ઝોંક્યા;
પૂર્વના તો કયાંથી પત્તા ? સમકાલિનના સાંસા. —અજબ૦

જ્ઞાની કે અજ્ઞાની હો પણ, કાળ સહુને ચાખે;
રંગ જીવ કાન્હામાં તેથી, કોની પરવા રાખે ? —અજબ૦

૨૪

મથુરાની ગોપી મહી વેચવાને ગઈ.—એ રાહ.

કાન્હજી ને બ્રહ્મ બેઉ એક જાણજો,
　　અજબ કંઈ મનમાં કદિ ન આણજો. ૧
ત્રિપુટિના દેવ તે તો કાન્હના જ અંશ,
　　બ્રહ્મરૂપે કાનજીનો એ બધોજ વંશ. ૨
દેવકીને ઘેર નહિ કાન્હજીનો વાસ,
　　નંદરાય ઘેર નહિ કાન્હનો નિવાસ. ૩
મનુષ્યદેહ કાનજીનો માનનારને,
　　મૂઢ કહે કૃષ્ણ ગીતા વાંચનારને. ૪
દેવકીના દેહમાં ન નંદજીનો લાલ,
　　મૂર્તિમાં કે ચિત્રમાં તો કયાંથી હોય વાસ ? ૫
પંચ મહાભૂત મ્હારા કાનજીનાં અંગ,
　　ખેલ કરે જાદુ કેરા રંગ ને બેરંગ. ૬
માયાધીન કાન નહિ, માયા તેની દાસ,
　　રિદ્ધિ સિદ્ધિ ફેરા ફરે કાન આસપાસ. ૭
વિશ્વ સર્વ શાસ્ત્ર લોક લાજનું ગુલામ,
　　કાનજીનું એકલાનું બાદ કરી નામ. ૮
રસ અને શૃંગાર કેરા કાનજી ભંડાર,
　　ચૌદ કળા ચોસઠ વિદ્યાનાજ અવતાર. ૯
કાનજીથી થાકી દીન વેદ વદે વાણ,
　　નેતિ નેતિ તેજ કાન બ્રહ્મ તું પિછાણ. ૧૦

ચાર મહા વાક્ય વદે વેદનોજ સાર,
તેજ મહા વાક્ય કેરા જ્ઞાન સરદાર. ૧૧

ઘટે-ઘટ વ્યાપી જ્ઞાન ક્યાં જડે કો ઠામ ?
રંગ હૃદય ભક્ત હૃદય કાનજીનું ધામ. ૧૨

૨૫

ગોપીચંદ લડકા.-એ રાહ.

[૧]નગરીને ઘેરી; શત્રુદળ મ્હોટું દશ દિશામાં ચડયું.-નગરી૦
[૨]નવ દરવાજા નગરી કેરા, [૩]દેવ ભરે ત્યાં પ્હેરા,
લાલા દેવ ભરે ત્યાં પ્હેરા;
દેવ પડેલા મોજ મઝામાં, ઠેર ઠેર છે લહેર રે.-નગરીને૦
નગરી [૪]માલીક:[૫]મંત્રી સુખારી, નારી જાત બિચારી, લાલા!(૨)
મન સેનાપતિ નપુસક તેથી, સેનામાં અંધેરરે.-નગરીને૦
દાનવ દેવોનું યુદ્ધ જામ્યું, દેવોનું નહિ ચાલ્યું ! લાલા (૨)
રંગે [૬]દશમું દ્વાર ચિંતવ્યું, બજ્યાં દુંદુભી ભેરરે.-નગરીને૦

---

૧ શરીરરૂપી નગરી. ૨ છિદ્રવાળી નવ ઇન્દ્રિઓ. ૩ દરેક ઇન્દ્રિના એકેક દેવ છે. ૪ જીવાત્મા. ૫ બુદ્ધિ. ૬ બ્રહ્મ રંધ્ર, જેમાં વસતા પરમાત્માનું સ્વરૂપ યોગીઓ જૂએ છે તે.

૨૬

રાગ ખમાયચ–ત્રિતાલ. દર્શન બિન અખિયાં તરસ રહી.–રાહ.

નિશદિન જીયા તલસે નટવરને,
એજી નટવરને નંદલાલાને. –નિશદિન૦

ભાંડ ભવૈયા ગાન ગવૈયા રે,
સીનેમા, નાટક લીલાદિ ભલે દેખે રે. –નિશદિન૦

નટવર નાટક નિશદિન નિરખેરે,
કહે રંગ ચ્હડે જીવડો વિમાને રે. –નિશદિન૦

૨૭

લાવણી–દેખા નહિ કછુ સાર જગતમેં દેખા નહિ કછુ સાર–રાહ.

નેક ન્યાય છે કહાન ત્હમારો, નેક ન્યાય છે કહાન!
કાન સહિત જો સાન હશે તો નેક ન્યાય છે કહાન.–નેકન્યાય૦

સુખ દુઃખ આદિ દ્વંદ્વ બનાવ્યાં, જનહિત માટે કહાન!
દુઃખ વિના સુખની આશા તે, વંધ્યાપુત્ર સમાન;
વંધ્યા પુત્ર સમાન કહાનજી! વંધ્યા પુત્ર સમાન.–નેકન્યાય૦

દુઃખ ન રાખ્યું હોત જગતમાં કહાનાનું શું કામ?
"સુખમાં સોની, રામ દુઃખનો" એજ તત્ત્વ ને જ્ઞાન;
એજ તત્ત્વ ને જ્ઞાન કહાનજી! એજ તત્ત્વ ને જ્ઞાન.–નેકન્યાય૦

દુઃખ વિનાનાં રામાયણ ને મહાભારત પુરાણ,
કેમ કરીને થયાં હોત છે તેનું કંઇ ભાન?
છે તેનું કંઇ ભાન કહાનજી! છે તેનું કંઇ ભાન.–નેકન્યાય૦

કુંતામાએ માગી માગી માગ્યું અંતે દુઃખ,
દુઃખ વિનાનું કહાના સ્હામું કોણ કરે છે સુખ ?
  કોણ કરે છે સુખ કહાનજી ! કોણ કરે છે સુખ ?–નેકન્યાય૦
અનુભવની આંખોથી દેખો, દુઃખ ગર્ભમાં સુખ,
જ્ઞાની ગાંડાના હિસાબે, નામ ન જડશે દુઃખ;
  નામ ન જડશે દુઃખ કહાનજી ! નામ ન જડશે દુઃખ.–નેકન્યાય૦
સાંખ્ય ન્યાયમાં અભાવ દુઃખનો, સુખ સમજો નિરધાર,
સુખ વસ્તુ નહિ એક તત્ત્વમાં, જ્ઞાન દુઃખ હરનાર;
  જ્ઞાન દુઃખ હરનાર કહાનજી ! જ્ઞાન દુઃખ હરનાર.–નેકન્યાય૦
વેદાન્તીને સમાન સુખ–દુઃખ, દ્વંદ્વ માત્ર છે ભ્રમણા,
કૃષ્ણ કૃપાથી રંગ્યા ચિત્તમાં આનંદની નહિ મણા,
  આનંદની નહિ મણા કહાનજી! આનંદની નહિ મણા.-નેકન્યાય૦

૨૮

રાગ–પીલુ–તાલ. દીપચંદી.

દેશ કાળ ને પાત્રને લઈને, ધર્મ પંથ પ્રકટયા ઠામ–ઠામે;
આચાર્યો ઇશ્વરના અંશો, એમાં નહિ લવલેશ અંદેશો.—દેશ૦
આચાર્યો સહુ ભક્ત કનૈયા, માર્ગ બતાવ્યા છે જૂદા અહિંયા;
વલ્લભ બાળકનૈયા વારી, રંગ જાય તે ઉપર બલિહારી. —દેશ૦

૨૯

ઓધવજી સંદેશો કહેજો શ્યામને.—એ રાહ.

આર્ય બંધુ ! અરજી મ્હારી છે એટલી,
   આર્ય ધર્મનો મર્મ જરા વિચારજો;
પશ્ચિમની જડવિદ્યા વળગી ભૂતડી,
   ખુદ પોતાને તેથી ભૂલી જાય જો. —આર્ય૦
સંધ્યા, પૂજા, તીર્થ વિગેરે સાધનો,
   શુદ્ધ બુદ્ધિથી સમજો સારી પેરજો;
ઘરડાં માત–પિતા થાવાથી ત્યાગશો ?
   એજ ન્યાય ત્હમને લાગુ નિર્ધારજો. —આર્ય૦
જાણ્યું નહિ પશ્ચિમ પૂરવનું એકનું,
   અર્ધદગ્ધ અવસ્થા થઇ છે નેકજો;
ત્રિશંકુ માફક અદ્ધર છો લટકી રહ્યા,
   નહિ હિંદુ ઇસ્લામી ખ્રિસ્તિ એકજો. —આર્ય૦
દશા ત્હમારી દેખી દિલ દુભાય છે,
   કાનાને કરવાનું હોય તે થાયજો;
કાના સાથે વેર ત્હમારે ગજબનું,
   કયારે માર્યો કહો ત્હમારો બાપજો ? —આર્ય૦
કાના કેરૂં એક કાર્ય સમજો નહિ,
   "સમજો નહિ સરખું માગો" એ પાપ જો;
રંગાની અરજી અંતે છે એટલી,
   કાનો સમજો સમજો સમજો આપ જો. —આર્ય૦

૩૦

ગરબો–મ્હને રસ્તા વચ્ચે રોકી લાલ ! છેલ છબિલે છોગાળે.—રાહ.

ત્હમે ખાંડાં શું કાઢોછો બેન ? હોય પ્રભુ કદિ વ્યભિચારી ?
મ્હારો આઠ વરસનો કાનો બેન ! પૂરેપૂરો બ્રહ્મચારી. —ટેક.
બળિયા સાથે બાથો ભીડી, મલ્લો સાથે કુસ્તી કીધી;
વ્યભિચારની શંકા કેવી બેન ? —હોય પ્રભુ૦
ઉર્મી કવિ ભક્તજનો કેરી, મતિ સાર મનસ્વીપણે ચિતરી;
આશય સમજો વિચારી બેન ! —હોય પ્રભુ૦
એ તો ગાન તાન ને નૃત્ય તણો, કોઇ અજબ અપૂર્વ પ્રસંગ બન્યો;
નર નારી ત્યાં હજારો બેન ! —હોય પ્રભુ૦
એ તો બ્રહ્મજ્ઞાનની છે ગોળી, શૃંગાર ગૉળમાં વીંટાળી;
અધિકારીને ખવરાવી બેન ! —હોય પ્રભુ૦
કુરૂ પ્રસંગ સૂર્યગ્રહણ કેરે, ગોપી ને કાન મળ્યાં જ્યારે;
દીલમાં ભેટી તે વારે બેન ! —હોય પ્રભુ૦
ત્યાં બ્રહ્મજ્ઞાન કાને આપ્યું, નિંદકનું મ્હોં કીધું કાંખું;
રંગાનું હૈયું ઠાર્યું બેન ! —હોય પ્રભુ૦

૩૧

પાણી ભરવાને ગઈતી રે, સાહેલીની સંગે.—એ રાહ.

વેગી વૃત્તિઓ દોડે રે, અશ્વો થઇ વિષયોમાં;
પૂર્વ સંસ્કાર બળથી રે, વિષય ભરીયા મનમાં. —ટેક.

સાખી

વૃત્તિઓને તે થકી, વિષયોની સંગાથ;
પ્રીત પુરાણી એટલે, મન રાંકું મુંઝાય.

મન રશ્મિ બીચારી રે, વૃત્તિ અશ્વને વશ થઇ;
બાજી છેકજ બગડી રે, કરે શું સુજે નહિ કંઇ. —વેગી વૃત્તિ૦

સાખી

બુદ્ધિબાઇ જે સારથી, રશ્મિ ખેંચે જોર;
ખેંચી ખેંચી થાકીયાં, થયાં છેક કમજોર.

રથ દોહતો ભટકયો રે, આડો અવળો નાસે;
રથીની દશા ભુંડી રે, બુમો પાડે ચોપાસે. —વેગી વૃત્તિ૦

સાખી.

પૂર્વ તણા સંસ્કાર ને, સત્સંગના પ્રતાપ;
તુર્ત સ્મર્યા રથીએ પ્રભુ, શરણાગતના બાપ.

ધણી એ ધણીઓનો રે, વ્હારે આવો વેગેથી;
દાસ હાલત ભુંડી રે, મરે છે કમોતેથી. —વેગી વૃત્તિ૦

સાખી.

રથી સારથી ને વળી, રથ રશ્મિ ને અશ્વ;
કાના પ્રભુમાં ચિંતવ્યાં, રથીનાં ખુલ્યાં ચક્ષ.

વ્હાલો પ્રકટયો હ્રદયમાંરે, ભ્રાંતિ દુઃખ ઉડી ગયું;
રંગો અરજ ગુજારેરે, દ્વૈત અદ્વૈત થયું. —વેગી વૃત્તિ૦

૩૨

રાગ—મ્હાડની ચાલ. તાલ—દાદરો.

કાચબો કાચબી રહેતાં સાહેરમાં ને હતાં હરિનાં દાસ—એ રાહ.

કાનજી શ્યામ અનંત હોવાથી, કહેવાયા ઘનશ્યામ,
ઘનનું શ્યામ અંધારાનું શ્યામ, ને દીપજ્યોતિમાં જે શ્યામ,
સમુદ્રનું શ્યામ દેખો છો, એ શ્યામને શું તમે કહો છો ?
—કાનજી૦

દ્રષ્ટિ મર્યાદાની બ્હાર દેખો છો જે, શ્યામને શ્યામ તમામ;
જ્ઞાન ઉજેશ નહિં ત્યાં અંધારૂં, કાળું બધું અજ્ઞાન,
એ તો નહિ શ્યામજ સાચું, રંગાનો દ્રષ્ટિનુંજ કાચું.—કાનજી૦

૩૩

રાગ—સવૈયા એકત્રિશા.

ઝેર ગયાં ને વેર ગયાં વળી કાળા કેર ગયા કરનાર.—એ રાહ.

કામ ક્રોધ ને લોભ મદાદિ,[૧] યોદ્ધા માયાને આધીન;
કોટ કાંગરા અનેક તોડ્યા, શૂરાને પણ કીધા દીન. ૧
ભક્તિના નવ[૨] મ્હારથી, છુટયા જેવા રણની મોઝાર;
માયા યોદ્ધા દેખી નાઠા, ટકયા નહિં પળ એક લગાર. ૨
રણશીંગાં વાગ્યાં ફત્તેહનાં, શત્રુઓની લીધી પુંઠ;
માલ ખજાના મળ્યા અનેરા, શત્રુદળમાં ફુટાફુટ. ૩
ભક્તિના માલિક નંદલાલા, એને ભજવો એજ ઉપાય;
રંગનાથ મોડો વહેલો પણ, ચેત્યો એજ કૃપા જગરાય.૪

---

૧ કામ, ક્રોધ, લોભ. મોહ, મદ અને મત્સર નામના શરીરમાં રહેલા છ શત્રુઓ. ૨ નવ પ્રકારની ભક્તિ.

૩૪

રાગ–ખમાયચ. તાલ–દાદરો.

આજ શ્યામ મોહ લીયો બંસરી બજાય કે.—એ રાહ.

મન માંકડું કુદેછે ઝાડ ઝાડ ડાળીએ,
ઝાડ ઝાડ ડાળીએ મકાન બારી જાળીએ.––મન૦
ડાકલું વગાડીને મદારી લાવે ઠામડે,
મનનો મેદારી લાખમાંથી એક ના જડે.—મન૦
ડાકલાં વગાડે કાન, જોરથી ને જોસથી,
સુણશે જે કાન સાથ, સાન હોય દોસતી.—મન૦
કાનના અભ્યાસ ને વૈરાગ્ય* બેઉ ડાકલાં,
રંગને વિશ્વાસ છે વશ થાય મન માંકડાં.—મન૦

*મન વશ કરવા માટે ગીતામાં શ્રીકૃષ્ણે અભ્યાસ અને વૈરાગ્ય બે ઉપાય બતાવ્યા છે.

૩૫

ગરબી.

રાગ–ફૂલણજી તમે ફૂલાવ્યા કેમ ફૂલ્યારે ફૂલણજી.–એ રાહ.
પામરીયા તું પાપ પુંજમાં, પડીયોરે પામરજી !
પાપો લખવા લે લેખણ પાટી, ખડીયો પ્યારા પામરજી. ૧
પછી અપાર પાપો દેખીને, ગભરાયો રે પામરજી !
પુરૂષારથ પૂરેપૂરો કરીને, થાકયો પ્યારા પામરજી. ૨
લવ લેશ ન દીઠું સુખ અંતે, દુનિયા મારે પામરજી !
પછી વિચાર કીધો શાંતિથી, હૈયામાં પ્યારા પારમજી. ૩

મા બાપ પુત્ર પુત્રી પતિ સ્ત્રી, માયાનાં રે પામરજી !
સગલાં સંબંધી મિત્ર, જુઠી કાયાનાં પ્યારા પામરજી. ૪
કાનો મારો પાપીને પણ, સાચો રે પામરજી !
જો ના ભાળે તો પાપી સમજો, કાચો પ્યારા પામરજી ૫
પાપી પણ અભેદ ભાવે કાનો, ભજશે રે પામરજી !
રંગાનો સ્વામી સુખડાં તેને, દેશે પ્યારા પામરજી. ૬

૩૬

મરાઠી સાખી.

જુઓ જગના ડાહ્યા ! પ્રભુની કેવી છે માયા ? —ટેક૦
જપ તપ નીતિ ભક્તિ શુભ કર્મો, એજ મોક્ષના માર્ગો;
વ્યભિચારી કામી દ્વેશીને, કિયા પ્રભુએ તાર્યા ? —જુઓ૦
કૃષ્ણ કૃપાળુ કૃપા કરીને, મુક્તિ સર્વને આપી;
રંગ કહે નિશદિન પ્રભુ ધ્યાને, મોક્ષ પામશે પાપી.—જુઓ૦

૩૭

ગરબો.

મંદિર આવો આજ કાનુડા.—એરાહ.

આધિને કાઢો કાન, છેલડા !
વ્યાધિ મટાડો કાન, છેલડા !
ઉપાધિ ઘટાડો કાન, છેલડા !
તાપત્રિવિધની જવાળો કાન, સળગે રાત દહાડો.—આધિને૦

સ્વપ્ન સંતાપ જાગે હોલાય, એ બંન્ને તાપ સુષુપ્તિસાથે-
ઉડી જાય ઉડી જાય;
તુર્યાવસ્થા જ્યારે થાય, એજમોક્ષ કેહવાય. —આધિને૦
રંગના તાપ લાલ અમાપ, સુખદુઃખ પ્રારબ્ધતણાં સહેવાની-
શક્તિ આપ, શક્તિ આપ.
સંચિતને ક્રિયમાણો બાપ, જ્ઞાન શસ્ત્રથી કાપ. —આધને૦

૩૮

રાગ—ઓખાહરણનો.

સૂણો ધર્મ ધુરંધર બંધુ ! હૈયું શુદ્ધ કરો અને ઠંડુ;
દ્વેષ માત્ર હૃદયમાંથી કાઢો, નહિ તો ક્લેશમાં જીંદગી કાઢો. ૧
નીચમાંથી નીચાનો દ્વેષ, સુખ આપે નહિ લવલેશ;
દેવોનો જો કરશો દ્વેષ, કલેશ ને દુઃખ મળશે હંમેશ. ૨
શંભુ વિષ્ણુની શી છે સગાઇ ! શાસ્ત્ર પોકારી કહે છે ગાઇ;
એ તો બન્ને એકના એક, શીદને બનો ગાંડા છેક ? ૩
નિંદા જે એકેની કરશે, નરકની નિસરણી ચડશે;
ભલે ભકિત કરો ઈષ્ટ દેવ, અન્ય દેવની મૂકો કુટેવ. ૪
સ્હમજ્યા છતાં દંભ જો કરશો * જીવરામની તોલે ગણાશો;
મિથ્યાભિમાનમાં જશો ખુંચી, પડયા છો પણ ટંગડી ઉંચી. ૫
માનો તો માનું ત્હમારો પાડ, પ્રભુનાં પામશો ભાઈ ! લાડ;
રંગાને શંભુ વિષ્ણુ અભેદ, પણ ભજવાનો કાનો એક. ૬

---

* જીવરામ ભટ્ટ મિથ્યાભિમાનીનો નમુનો દર્શાવનાર એક પુસ્તક છે.

૩૯

મરાઠી રાહ.

લાજ તો નડે રે, જ્ઞાન-ભક્તિ માં, —ટેક.
લાજ પાસે, ભક્તિ ન્હાસે, મનડું ત્રાસે, ચિત્તડું દાઝે;
સમજ એ પડે રે. —જ્ઞાન-ભક્તિ૦

વસ્ત્ર હરણમાં, શું જુઓ છો વશીકર્ણ ?
લાજ હરણ, ભક્તિ કરણ, બ્રહ્મસ્મરણ,
બ્રહ્મ શરણ-તત્ત્વ એ જડે રે. —જ્ઞાન-ભક્તિ૦

ભકત જ્ઞાનીઓ, શાન્તિથી તપાસી લ્યો;
કોઈ પડે, કોઇ લડે, કોઈ અડે, કોઇ રડે;
લાજથી લડે રે. —જ્ઞાન-ભક્તિ૦

લોટ ફાકતાં, બોલવું ફુઆ-પુઆ,
રંગ વદે, કેમ બને ? શત્રુ મને, ઘેર્યો તને;
શીદ આખડે રે ? —જ્ઞાન-ભક્તિ૦

૪૦

ડરના તું દિલ સાથ છોકરા ડરના તું દિલ સાથ.—એ રાહ.

પૂરૂષ પ્રકૃતિ એક, કાનજી, પૂરૂષ પ્રકૃતિ એક;
પડદાથી બન્યા અનેક, કાનજી પૂરૂષ પ્રકૃતિ એક.—ટેક
મૂળમાં એક, કાચોમાં અનેક,

કાચો ખસ્યા પછી એકનેએક;
કાચો હતા ત્યાં સુધીતો અનેક.
જૂઓ પશુપક્ષી બાળના ચાળા,
કાચો સ્હામે મારે કેવા ઉછાળા ?
કાચનો પડદો એજ વિવેક. —કાનજી૦
સૂર્યનો પ્રકાશ, પડે છે ચોપાસ,
જળમાં પડી થયા બિંબથી બીજા,
ભીંતે થયા વળી પ્રતિબિંબ ત્રીજા,
જ્યાં જ્યાં જળાશય ત્યાં ત્યાં બિંબો.
જ્યાં જ્યાં ભિંતો ત્યાં ત્યાં પ્રતિબિંબો,
જળ લઇ હ્યો સૂરજ એક. —કાનજી૦
લાલાજી એક, માયાવી છેક,
ઇંદ્ર, બ્રહ્મા માટે થયા અનેક,
રાસ રાણીઓની સાથે અનેક,
અવિનાશી એક છતાં એ અનેક,
પામર—અજ્ઞાની જનને અનેક,
રંગાને કાનો એક. —કાનજી૦

૪૧.

રામાયણની ચોપાઇની રાહ.

પૃથ્વીમાં સહુ બોલે કાન હમારો, શાહુકાર કે ચોર હોય કહેનારો;
જૂગારી ખૂની કે ભારી લુટારો, આશ્રય માગે અંતેથી પ્રભુ તારો.—૧
પકડનાર પણ વંદે નંદકુમારો, અજબ ઢંગ સ્હમજાય ન કાન તમારો;
માયા ઘાણીમાં પામર પીલાય, ત્રિવિધ તાપની જ્વાળોમાં શેકાય.—૨

સ્વર્ગ નરક બે અહિં છે ખોલો આંખો, હસતા રડતાને ટળટળતા લોકો;
જન્મ સાથ પ્રારબ્ધો વળગ્યાં પ્રાણી, હર્ષશોક ન અંતર જ્ઞાન એધાણી–૩

રગડો કીડી ને હાથીનો પાકો, અકકલ કામ કરે નહિ દેખી થાકો;
ખદબદ ખદબદ જીવડા જોઉં અપારો, એક *દિ બે દિ ત્રણ. દિના
મ્હેમાનો.—૪

સમુદ્ર મોજાં એક પછી એક આવે, જૂનાનો પત્તો તે કોણ બતાવે?
સરિતા પ્રવાહમાં તૃણ ચાલ્યું જાય, કાળ પ્રવાહે પ્રાણી તેમ તણાય.–૫

જ્ઞાનીને સહુ દૃશ્ય દિસે છે ભ્રાન્તિ, જડવાદી પાશ્ચાત્યોને ઉત્ક્રાંતિ;
રંગાને શી જ્ઞાનતણી પંચાત? કાળકાળનો કાનો જેને હાથ. —૬

૪૨

લાવણી.

અનાર્યપંડિત શંકા લે, પ્રભુ અવતારો લે એ તે શું?
ઉંચેથી પ્રભુ નીચે આવી, સહુથી બોલે એ તે શું? ૧

નર–નારી, પશુ–પક્ષી થઇને, પ્રભુજી આવે એ તે શું?
જન્મ–મરણ, સુખ–દુઃખ પામર પેરે સ્વીકારે એ તે શું? ૨

કામ–ક્રોધ અપલક્ષણ આદિ, પ્રભુને લાગ્યાં એ તે શું?
શત્રુ–મિત્ર માબાપ સંબંધી, પ્રભુને વળગ્યાં એ તે શું? ૩

પૂર્ણ પ્રભુ વળી બ્રહ્મચારી, પત્નીવ્રત ગાયા એ તે શું?
બહુ નારી પરનારી વિહારી, પ્રભુ કહેવાયા એ તે શું? ૪

---

* દિ=દિવસ.

બ્રહ્માંડો જેના સંકલ્પે, પ્રકટે બૂડે એ તે શું ?
તે પ્રભુ પામર માફક ભક્તો, માટે દોડે એ તે શું ? ૫
ભક્ત તારવા, દુષ્ટ મારવા, શસ્ત્ર ધરે પ્રભુ એ તે શું ?
સામ, દામ આદિ ઉપાયો, પ્રભુ વાપરે એ તે શું ? ૬
અનઅધિકારી દ્વૈત દષ્ટિવાળાને સઘળું એ તે શું ?
રંગ કહે માયા આ સઘળી, માયાપતિની બીજું શું ? ૭

૪૩

ગઝલ–નિગેહ તલવાર કાફી હૈ.–એ રાહ.

નથી કોઇ અહિં મ્હારૂં, હવે જાણ્યું ઘણું મોડું;
 ભલે મોડું છતાં સાચું, જણાયું અંતમાં થોડું. —નથી૦
પિતા–માતા અને ભ્રાતા, રઝળતો મૂકીને ચાલ્યાં;
 અહિણી આત્મનાં જાયાં, રહ્યાં રોકયાં ન રોકાયાં.–નથી૦
આશ્રિતો પાત્ર પ્રીતિનાં, સગાં સંબંધીઓ રૂડાં;
 સ્વાર્થમાં જઈ પડયાં ઉંડાં, થયાં ધીમે રહી કૂડાં.–નથી૦
જીંદગીની જૂઓ ક્રાન્તિ, વર્ષ દશમાં જશે ભ્રાન્તિ;
 *વનમાં પેસશો જ્યાંથી, ખુલશે ચક્ષુની કાન્તિ.—નથી૦
પહોંચ્યા સાઠની પાસે, બુદ્ધિ તત્કાળ તો ન્હાસે;
 રંગ બે રંગ જોવાશે, દુઃખી સંસાર દેખાશે. —નથી૦
પછીના જીવનારાને, દુઃખ ને દુઃખ જોવાનું;
 મૂર્ખ અજ્ઞાનવાળાને, દુઃખ નિર્મૂળ થાવાનું. —નથી૦
પૂર્વ સંસ્કારનાં સ્વપ્નાં, રાત–દિન જાય જોવામાં;
 કૃષ્ણની ભક્તિ જો લાગી, રંગજી! માલ જીવ્યામાં.–નથી૦

---

* પચાસ ઉપરાંતની વય.

૪૪

રાગ—માલકોશની ચાલ. ઇંદ્રસભાની રાહ.

બધા ધર્મ દુનિયાંતણા છે ખરા, કહેનાર ખોટા ખરે પામરા;
સ્થિતિ—કાળને દેશને લઇ થયા, ખરાના પટા કોઇને છે મળ્યા? ૧
સગુણ નિર્ગુણાદિ કીધા છે જે ભેદ, વિવેકીને આપે નહિ લેશ ખેદ;
તપાસો તમારૂં તમે ખંતથી, *લગો પાળવા ધર્મ ઉમંગથી. ૨
બીજાની તમારે છે શી આપદા? ઉઠાવો શિરે શિદને એ બલા?
ઉંડા ઉતરો તો જણાશે અભેદ, પ્રભુ સર્વનો છે પિતા ફકત એક. ૩
બધા ધર્મમાં ક્લેશની છે મના, બધા ધર્મ દુનિયાંને કહે છે ફના;
પછી ક્લેશ કરવો ભલે જો અભાગ્ય, બધા ક્લેશનાં મૂળ છે દ્વેષરાગ.૪
બધા ધર્મમાં જે કહ્યો છે પ્રભુ, નથી ખ્રિસ્તિ ઇસ્લામી યા તો હિંદુ;
ભલે સર્વના ઇશ જૂદા કહો, રંગાનો પ્રભુ એકલો કાન હો. ૫

૪૫

પિયુને તજાવનાર વેરી અલંકાર.—એ રાહ.

કર્મ કાંડ સાચાં યજ્ઞ—યાગ સાચા નેક,
વેદમાં કહેલાં ખોટાં કહેવાં અવિવેક. ટેક.

વેદશાસ્ત્રને સેતાની કહેવામાં વડાઇ,
અસંસ્કારી પ્રાણી બોલે તેમાં શી નવાઈ? ૧

કર્મ ઉપાસના—જ્ઞાન વેદના છે ભાગ,
જેને જે રૂચે તે લ્યો, શિદને અનુરાગ? ૨

---

* લગો એટલે લાગો.

ભાતભાતનાં ભોજન પિરસ્યાં શાસ્ત્રોએ તમામ,
પસંદ કરી આરોગો ભાઇ બીજાનું શું કામ? ૩
વ્યક્તિવાર રૂચિ માટે શાસ્ત્ર નથી એ મર્મ,
ડાહ્યા થઇને ભૂલો છો શિદને ન આવે શર્મ! ૪
પતિવ્રતા સ્ત્રીનું વ્રત સાચું રામબાણ,
અન્ય પુરૂષને આળો દેવી એ નહિ પ્રમાણ. ૫
અરજ એટલી કોઇ પણ રસ્તે વ્હડવા માંડો આપ,
રંગાને કાનાનો મારગ જડીઓ આપોઆપ. ૬

૪૯

શ્યામ રંગ સમીપે ન જાઉં, મારે આજ પછી શ્યામ રંગ.–એ રાહ

શંભુ–કૃષ્ણ એક જૂદાં નામ,
મેં તો આજ જાણ્યું શંભુ–કૃષ્ણ એક, જૂદાં નામ.–ટેક૦
કાલ સુધી ભેદનું જ ભાન,
મેં તો આજ જાણ્યું શંભુ–કૃષ્ણ એક જૂદાં નામ.
શંભુજીને ભસ્મ, મ્હારા કાનજીને મૃત્તિકા,
શંભુને સ્મશાન, કાન હરિયે છે ધામ. —મેં તો૦
શંભુજી ને કાનજીને, બન્નેને નાગ છે,
મોર ગરૂડ કાળ છે સુદ્દામ. —મેં તો૦
શંભુજીને પાર્વતી ને, ગંગા બે શોકયો,
રાધિકા લક્ષ્મીજી ઘનશ્યામ. —મેં તો૦
શંભુજીને કંઠે ચિન્હ, કાનજીની છાતીયે,
અર્થયુક્ત બન્નેનાં નામ. —મેં તો૦

અસ્ત્ર-શસ્ત્ર ચાર ભુજા, બન્ને દેવોને,
ભક્તો બન્નેના નિષ્કામ. —મેં તો૦
શંભુજીને આડું ટીલું, કાનજીને ઉભું,
બિલી તુલસી બન્નેને કામ. —મેં તો૦
ઝેર પીધું ઉમાપતિ, *ભસ્મ હણ્યો લક્ષ્મીપતિ,
બન્નેને એક-મેક હામ. —મેં તો૦
કાળો ગોરો કિતવ ભોળો, ગુણુ એ બન્નેના,
રંગને અભેદ છે તમામ. —મેં તો૦

૪૭.

ગરબો.

આવજો આવજો આવજો રે, આજ વ્હેલાં નિશાળે આવજો.—રાહ

બેસવાની ડાળ નહિ કાપશો હો વીર મારા બેસવાની ડાળ નહિ કાપશો;
કાપશો તો પટકાશો હો, વીર મારા બેસવાની ડાળ નહિ કાપશો.
જાતિ અને કુળના આચારો,
પાશ્ચાત્યો ! ત્હમે છોડશો ? હો. —વીર મારા૦
પોતાની માને ડાકણુ કહેશો તો,
પુત્ર કેવા કહેવાશો ? હો, —વીર મારા૦
દાખલા દેશ દેશોના જોઇ વળો,
બહારનો ન તારનાર દેખશો હો. —વીર મારા૦
સુખ-દુઃખ હાનિ-લાભ જાતે ઉઠાવો,
સ્નાન-સુતક બહાર નહિ ભાળશો હો.—વીર મારા૦

---

* ભસ્માસુર.

આત્મ બળ સ્થૂળ બળ ખૂબ વધારો,
  પિંડનું ને પારકું સુધારશો ? હો. —વીર મારા૦
એકાંતે સ્થિર થઇ એકાગ્ર થાઓ,
  આંતરિક દષ્ટિ ઉઘાડશો ? હો. —વીર મારા૦
રંભાના સ્વામી નંદના કુંવરનો,
  હાથ સાહી* સર્વે આરંભશો ? હો. —વીર મારા૦

૪૮

ગરબો.

માલણ ગુંથી લાવ ગુણીયલ ગજરો.—એ રાહ.

મનુષ્ય અવતાર કયાંથી લાવ્યો ?
  જીતી બાજી હારી જાવા આવ્યો. —મનુષ્ય૦
દેવ નર અવતારને ચાહ્ય, પ્રાણી માત્રનો નર બન્યો રાય;
  નર દેહથી મોક્ષ પમાય. —મનુષ્ય૦
તારામાં ને પશુમાં કાંઇ ફેર ? બારિકીથી જો સારી પેર;
  બુદ્ધિ સાથે તો છે નહિ વેર ? —મનુષ્ય૦
ખાવું પીવું આદિ ધર્મો ચાર, છે સમાન બન્નેના વિચાર;
  બુદ્ધિ ખાસ ત્હને નિરધાર. —મનુષ્ય૦
ધર્મ, અર્થ, કામ ને મુક્તિ, ચારે મનુષ્ય માટે છે પ્રયુક્ત;
  તોયે સૂતો અવસ્થા સુષુપ્તિ. —મનુષ્ય૦
નપુસક છે ઇન્દ્રિયોનો સ્વામી, તેનો ઉપરી નારી ઉભી સામી;
  હવે બાકી રહી કંઇ ખામી ? —મનુષ્ય૦

---

* પછી.

તે નારીનું છે મસ્તક ધામ, તેની પ્રેરક *શ્રીજી સુદામ;
ત્હેનું સ્થાન છે જગત તમામ. —મનુષ્ય૦
તેનો ઉપરી હૃદયમાં વસે, યંત્ર ચલાવીને માંહ્ય બેસે;
કુંચી રાખે પોતાની પાસે. —મનુષ્ય૦
આનો મર્મ જરા સ્હમજી લે, નહિ તો રંગાનું કહ્યું માની લે;
નંદલાલાને કેસ સોંપી દે. —મનુષ્ય૦

૪૯

ગરબો—કાનુડો કામણગારોરે, હાં હાં રે આતો.—એ રાહ.

ત્યજ તું ગુમાન પ્રાણીરે, વીરા તું મ્હારા, ત્યજ તું ગુમાન પ્રાણીરે;
ત્યજ તું ગુમાન પ્રાણી, મટી જાને અભિમાની;
મળશે સારંગપાણિ રે. —વીરા તું૦
દ્રૌપદીએ માન ત્યજી, સમર્યા શ્રીજીના પતિ;
કાનો ધાયો વેગે અતિ રે. —વીરા તું૦
ગજરાજે થાકી હારી, કનૈયાને બૂમ મારી;
કાનો આવ્યો ફાળ ભરી રે. —વીરા તું૦
ટળે જેને અભિમાન, દ્વંદ્વ જેને છે સમાન;
કાનો આવે ત્યાં નિદાન રે. —વીરા તું૦
"મેં મેં" કરી ગર્વ કરે, બોકડો સર્વત્ર મરે;
"મે ના" કહેતાં મેના પળે રે. —વીરા તું૦
ગર્વ ત્હારી કૃપા વિના, કેમ છૂટે નંદલાલા ?
રજ—તમના ભરેલા રે. —વીરા તું૦

* માયા.

અભિમાનની બિમારી, રંગાને લાગી છે કારી;
ભરોંસો કાનાનો ભારી રે. —વીરા તું૦

૫૦

ફુળ એક વિપ્રથી મળ્યું, પ્રિયા મારીરે.—એ રાહ.

ધન ગુપ્ત મુજને જડ્યું, પ્યારા બંધુરે ! ધન ગુપ્ત મુજને જડ્યું.
એકલપેટો હું કદિ ન્હોતો, બંધુ સર્વે વ્હેંચી લ્યો. —પ્યારા૦
અંતે મતિ જે, ગતિ તે પામો, શાસ્ત્ર માત્ર વાંચી લ્યો. —પ્યારા૦
ભરત કબીરાનાં દૃષ્ટાન્તો, બીજા બહુ શોધી લ્યો. —પ્યારા૦
જાર મનુષ્ય ચિત્ત નિશદિન ભાળો,ભકત ચિત્ત માની લ્યો.—પ્યારા૦
પતિવ્રત સેવા ખૂબ નિહાળો, તેવો કાનો સેવી લ્યો. —પ્યારા૦
અંતે રંગાનો કાન સ્મરી લ્યો, મોક્ષ વીમો સમજી લ્યો.—પ્યારા૦

૫૧

રાગ ધન્યાશ્રી—તાલ લાવણી.

આજ્ઞા સુણજો વીર ! કાના યોગીની આજ્ઞા સુણજો વીર !
ઈડા, પીંગળા નિશદિન ચાલે, તેમાં નથી તદબીર.—કાનાયોગી૦
નાભિકમળ કુંડલિની સૂતી, જગાડો યોગી ધીર !—કાનાયોગી૦
લઈ મેરૂ દંડે સુષુમ્ણા વાટે, બ્રહ્માંડમાં કરો સ્થિર.—કાનાયોગી૦
રંગો બિચારો કાંઈ ન સમજે, ઝૂકાવે સહુને શિર.—કાનાયોગી૦

૫૨

લાવણી-ભજનમેં મગન રહેના રામ—એ રાહ.

જીવ જે હશે પૂર્વ સંસ્કારી, ધર્મ વૃત્તિ રહેની થાનારી. —ટેક
દુષ્ટ પિતાનો ધર્મી દિકરો, ધર્મીને ઘર પાપી;
સંગ અને સંસ્કાર બનાવે, દુષ્ટ અગર નિષ્પાપી. —જીવ૦
સંસ્કારોનું બળ જો જાસ્તી, કુસંગનું નવ ચાલે;
દૈત્યોમાં પ્રલ્હાદ ઉછર્યો, દૈત્ય બુદ્ધિ ગઇ હારી. —જીવ૦
સુસંગને સંસ્કાર મળે તો, સોનું સુગંધ સમજો;
લાખોમાંથી વિરલા પાકે, ભાગ્ય જેમનાં ભારી. —જીવ૦
વિદ્યા, વિનય, વચન ને વર્તન, સાથે ક્વચિત્ દેખાશે;
રંગાને પંચાત પછી શી ? ઘર જેનું ગિરિધારી. —જીવ૦

૫૩

રાગ-બીલાવલની ચાલ-પિયુને તજાવનાર વેરી અલંકાર.—એ રાહ

ધર્મ વિના નરપશુ, પશુથીયે હેઠ,
પશુથીયે હેઠ બંધુ ! પશુથીયે હેઠ. —ધર્મ વિના૦
આર્યાવર્ત કેરી પ્રજા, ધર્મથી પંકાઈ,
ખ્રિસ્તિ ઈસ્લામી બંધુની, ધર્મથી વડાઇ.(૨)—ધર્મવિના૦
આર્યાવર્તમાં ધર્મની, ગ્લાનિ થઇ અપાર,
બુદ્ધિ કર્મ અનુસાર, એજ શાસ્ત્ર સાર.(૨)—ધર્મવિના૦
ધર્મશીલ ન્યાત-જાત વ્યક્તિના વિચાર,
કેટલાકોના સુણો તો દુઃખ પારાવાર. (૨)—ધર્મવિના૦

કાળગર્ભ કાનો જાણે, કાળસરદાર,
ધર્મગ્લાનિ શું હજી, પૂરી નહિ નિરધાર?(૨)–ધર્મવિના૦
કૃષ્ણાર્પણ કર્મ સર્વ સમત્વનો ભાવ,
સર્વ કાનામય જોવું રંગાનો ઠરાવ (૨). —ધર્મવિના૦

૫૪

રાગ–મ્હાડની ચાલ.

એકલડો જાશે, હંસોરે તારો એકલડો જાશે.–એ રાહ.

શીદને કરો છો ફજેત ? ધર્મને ભાઇ ! શીદને કરો છો ફજેત?–ટેક
ત્રણ પગ તૂટયા ને એક છે આખો, ટગમગ ચાલે નેક;
સારા ચરણને લાકડી મારો, નિર્દય થાઓ શું છેક ? –ધર્મને૦
ઘડી એક શાસ્ત્ર આધાર લ્યોને વળી, ઘડી એક દો ભુંડી ગાળ;
સ્વચ્છંદ માટે આધાર જરૂર શી? પશુની ચાલો ભાઇ ચાલ.–ધર્મને૦
બંધન માત્ર ત્હમારે ન જોઇએ, સંસાર બંધનું મૂળ;
શાસ્ત્રને ગરદન શિદને મારો છો ? પેટ ચોળી કરો શૂળ.–ધર્મને૦
એકડેએક ન આવડે તો પણ, ''એમ. એ.'' કહેવાયાની હોંશ;
મૂર્ખ યા પંડિત ઠીક પરંતુ, વચલાને કયાંથી સંતોષ ?–ધર્મને૦
ખબર .. .ો ઊંટ ઘ પંડિતને કે, " અક્કલ બડી કે ભેંશ " ?
" રાંધતાં આવડતી નથી ઘેંશ, તોયે પણ રાંધવા પેશ. "–ધર્મને૦
" હાથા બળ્યો દવ બાળે " એ ન્યાયથી, અર્થના કરો અનર્થ;
આગવો અંધ તેના લશ્કરની, વિજયની આશા વ્યર્થ.–ધર્મને૦
ચશ્મા કાળાં પહેર્યાં તે કાઢીને, આર્યદૃષ્ટિ કરો ભાઇ,
રંગના કાનની સાથ કરો તમે, ભવોભવની સગાઇ. –ધર્મને૦

૫૫

કાનુડો કામણગારો રે, હાં હાં રે આતો કાનુડો કામણગારોરે.—એ રાહ

સુખ સારૂ શ્રમ સાધે રે,સંસારિયાં સહુ સુખ સારૂ શ્રમ સાધેરે.—ટેક૦

સુખ સારૂ શ્રમ સાધે, દુઃખ દેખી ન્હાસે આઘે, (૨)
સુખ લેતાં દુઃખ લાધે રે. —સંસારિયાં૦

ઇચ્છા યત્ન સત્સંગ એ, કર્મ સુખડાંને માટે, (૨)
દુઃખડાં કુસંગ સાટે રે. —સંસારિયાં૦

સુખ માટે સ્ત્રી બચ્ચાંને, રાત દિન સેવ્યા રાખે, (૨)
તોયે દુઃખડાંને દેખે રે. —સંસારિયાં૦

નીતિ ધર્મ બાજૂ રાખ્યાં, સ્વાદ સુખ કેરાં ચાખ્યાં, (૨)
" કાકો પરણ્યો ફૂઈ રાંડ્યાં રે. " —સંસારિયાં૦

" મ્હારૂં મ્હારા બાપનું ને, તુંમાં મ્હારો ભાગ " કહે, (૨)
એ દાવાને સ્હામો કહેશે રે. —સંસારિયાં૦

" લેવું દેવું કોને લાલા " ? "લાખ તો કહે લાખસવા," (૨)
" લેના-દેના ઉલ્લુઓંકારે " —સંસારિયાં૦

આવી ઠગબાજી કરો, કાનો ઠગવાનું ધારો, (૨)
કાનો મોટો છે ઠગારોરે. —સંસારિયાં૦

કાનાની પ્રતિજ્ઞા જૂઓ, ભકતોને કદિ ન ભૂલ્યો, (૨)
ભક્તને કદિ ન દુઃખો રે. —સંસારિયાં૦

સુખ-દુઃખ મનડાને, ભકત મન કાનુડાને, (૨)
અર્પે પછી સર્વ ત્હેનેરે. —સંસારિયાં૦

રંગાએ ઇજારો આખો, કનૈયાને દઇ દીધો, (૨)
દુઃખ નામ ક્યાંથી દેખો રે ? —સંસારિયાં૦

૫૬

રાગ—ઝીંઝોટી—ત્રિતાલ. મુગટ પર વારી જાઉં નાગર નંદા.—રાહ.

નજર કર ગટર નગર પરિવાર. —ટેક.
હાડ, રૂધિર, ત્વક્, માંસ ચામડાં, મેદ, મૂત્ર, મળ નગર.—નજર૦
એ ગટરોમાં મેલ ભરાયો, પૂર્વ જન્મ સંસ્કાર. —નજર૦
એ ગટરોમાં નર પશુ કીડો, ડુબકાં લે દિન ચાર. —નજર૦
સુધરાઇ બુદ્ધિથી ગટર ખોલાવો, બુદ્ધિ તણા સરદાર. —નજર૦
કર્મ ત્રિપુટિ ઓજાર વડેથી, સાફ કરાવો આવાર. —નજર૦
જ્ઞાન સુરજથી તપાવી કાઢો, અંતર તેમ બહાર. —નજર૦
ગંગાજળ ભક્તિનું છાંટી, પધરાવો સરકાર. —નજર૦
રંગ નઅરનું ગટર નગર તે, પ્રેમનગર થાનાર. —નજર૦

૫૭

આંખ વિના અંધારૂં રે, સદાય મારે આંખ વિના અંધારૂં.—એ રાહ

કાનજીનાં સહુ રૂપોરે, વિચારી જોજો કાનજીનાં સહુ રૂપો.
માટીનાં રમકડાં માટી, સોનાના દાગીના સોનું;
પરપોટા તે પાણી રૂપો રૂપોરે. —વિચારી જોજો ૦
રૂપો સાચાં ખોટાં માનો, વસ્તુ મૂળે સાચી જાણો;
મૂળ બ્રહ્મ સાચું એ કાનો કાનોરે. —વિચારી જોજો૦
બ્રહ્મ સત્ય ને બીજું ભ્રમણા, સત્ય બ્રહ્મ બીજું સહુ મિથ્યા;
એજ ન્યાયથી સર્વ ખુલાસા પામો પામોરે.—વિચારી જોજો૦
અસાર આ સંસારે દેખો, દુર્જન સુખિયો સજ્જન દુખિયો;
જ્ઞાની ભક્તને ગાંડા માનો માનો રે. —વિચારી જોજો૦

સાચાનો સંગી નહિ દેખો, પાખંડી પૂજાતો પેખો;
અન્તે કાનો કહેવાશે દાનો દાનો રે. —વિચારી જોજો૦
જૂઠી માટી જૂઠાં પુતળાં. જીવ ભરાયો તેમાં જૂઠો;
સાચા કાનનાં જૂઠાં નામો નામોરે. —વિચારી જોજો૦
ભ્રાન્તિના તસ્કરને કાઢો, કાનજીનો સહુ સુંદર પહેરો;
જ્ઞાનકેસરી વાગો ન્હાનો ન્હાનો રે. —વિચારી જોજો૦
જ્ઞાન ભક્તિનો શેઠ કનૈયો, રંગે ઝાલ્યો ત્હેનો પાલો;
પ્રાણ છુટે ન છુટે એ પાલો પાલોરે. —વિચારી જોજો૦

૫૮

બાળકને હાલરડું વ્હાલું–એ રાગ.

મનુષ્યને મરવાની શી બીક ? —ટેક.
વ્હેલું આવે ઠીક, મોડું આવે ઠીક,
આવવાનું ખચીત. —મનુષ્યને૦
છાનું આવે રીત, ખુલ્લું આવે રીત,
આવવાનું કોઈ રીત. —મનુષ્યને૦
તત્ત્વ જશે તત્ત્વમાં, ને જીવ અન્ય દેહમાં,
મરવાની કઇ ચીજ? —મનુષ્યને૦
મુવા પહેલાં ચિત્ત, મારવું ઉચિત,
મોત ઉપર એ જીત. —મનુષ્યને૦
જન્મ થતાં રડે ખુદ, મરણ સમે રડે અન્ય,
કોના ઉપર રીસ ? —મનુષ્યને૦

કાનજીનાં ગીત, ગાઓ રૂડી રીત,
    રડશે મોત પાડી ચીસ. —મનુષ્યને૦
મિથ્યા જુઓ જન્મ, મિથ્યા જુઓ મરણ,
    મિથ્યા વચલી ભવાઈ. —મનુષ્યને૦
જખ રહે મારી, રડી કુટી થાકી,
    તો પછી શાની ભીસ[૧] ? —મનુષ્યને૦
કાનજીથી પ્રીત, કરો નિત્ય નિત્ય,
    મોતની તુટશે ભીત. —મનુષ્યને૦
રંગ રટે કાન, કાન અને કાન,
    મરવાની નહિ બીક. —મનુષ્યને૦

૫૯

રાગ—મંગલ. ત્રિતાલ. તે સવિતાપર બ્રહ્મ પ્રભુનું—એ રાહ.

ભક્તિ કનૈયાની નહિ લાગી, પંડિત શાસ્ત્ર ભણ્યા ન ભણ્યા;
દર્શન દાન દયા ને વિદ્યા, તીર્થો યજ્ઞ કર્યા ન કર્યા. —ભક્તિ૦
જપ–તપ વ્રત ઉપવાસ આન્હિકો, કરી ધાર્મિક ઠર્યા ન ઠર્યા,
ધર્મસભા ભરી ગર્વ કરી, વિજયો કરવાને ફર્યા ન ફર્યા. —ભક્તિ૦
મોક્ષ પ્રકારને મોક્ષધામના, ઝગડામાંહિ જીત્યા ન જીત્યા;
પંચાયતન દેવમાં મોટો, ગણવા જેહ મથ્યા ન મથ્યા.—ભક્તિ૦
નિરાકાર નિર્ગુણ સાકાર, સગુણ વાદોમાં પડયા ન પડયા;
રંગ કહે ઝગડા મૂકીને, ભક્તિ થકીજ તર્યા તે તર્યા.—ભક્તિ૦

---

૧ સંકડામણ.

૬૦

રાગ–દેશ–તાલ તેવરો.

જીન્ને આપકું જોયા નહિ, મનમેલકું ધોયા નહિ–રાહ.
જેને ભેદ શંભુને કાન, તેનો વ્યર્થ જન્મ સંસારમાં;
નામ–રૂપ કેરા મોહમાં, ભૂલ્યો ભાન એ દીન રાંકડો. —જેને૦
પૂજા પાઠ ને ટીલાં ઘણાં, ચીતર્યાં આડાં ઉભાં જોસથી;
ભસ્મ ગોપીચંદન લેપથી, કર્મગર્વથી બન્યો ફાંકડો. —જેને૦
પાતિવ્રત્ય કેરા નિમિત્તથી, રાગ–દ્વેષ દેવ પ્રત્યે કરે;
હૈયું દંભી મેલું ને વજાનું, કૃતિ દુષ્ટ ઉંચો આંકડો. —જેને૦
કોઇ ધર્મમાં યા વાણિમાં, આચાર્યોતણી જુઓ અંતથી;
તિરસ્કાર નહિ કોઇ ધર્મમાં, કોઇ ધર્મ એવો ન સાંકડો–જેને૦
યોગ જ્ઞાન શંભુને કાનજી, રૂપ બેઉનાં એક જાણજો;
નરસૈયા માફક રંગને, શંભુને પછી કાન સાંપડયો.–જેને૦

૬૧

ગરબો–આવો હરિ રાસ રમો વ્હાલા.—એ રાહ.

બેની ! મ્હને વૃન્દાવન વ્હાલું, જાણે ત્યાં જઉં રહું ને મ્હાલું–ટેક
ગોકુળિયું બધાને ઘણું વ્હાલું, એ તો પણ રાસ વિના ઠાલું;
તેથી વૃન્દાવનનો મારગ ઝાલું. —બ્હેની !
નિત્ય રાસ બે +સ્થળમાં થાય, પ્રભુલીલા સદાય ભજવાય;
હૈયું તે દેખીને ઘણું હરખાય. —બ્હેની !

+ વૃન્દાવનમાં, બંસીવટમાં સવારે અને બ્રહ્મચારીના મંદીરમાં રાત્રે એમ બે સ્થળમાં રોજ રાસ થાય છે.

ન્હાનકડાં એ વન હજી ભાળું, નહિ કોઈ રાત રહેવા વાળું;
કહે છે કાનો ગુપ્ત રમે ચાલુ. —બ્હેની !
વૃન્દાવન ગોલોકના રાસો, હૃદય રંગે નિત્ય કરે વાસો,
ભલે અંદર જઇ તપાસો. —બ્હેની

૬૨

રાગ–ખમાચ. તાલ ત્રિતાલ.

કંગનવા મોરા કરસે સરક ગીયો રે.—એ રાહ.

મોહન મન ગમતો મેળવવા, મૂરખ મન મારો રે,—ટેક
સમજો યારો રે ! મન ભ્રમ મારો રે,
પછી કોણ રહ્યો મરનારો ? જીવ અનાદિ ચાલ્યો આવ્યો,
આત્મા અવિનાશી જાણો, તત્ત્વો માંહે તત્ત્વોરે.–મોહન૦
મનને વાળો રે, પ્રભુમય ભાળો રે,
શીકારા બીલ્લીને બગલો, એકાગ્ર ચિત્તડું દેખો;
પ્રભુ મળવામાં અંદેશો, લેશ ન રંગે રાખ્યો રે.–મોહન૦

૬૩

ભજન.

ભાઇ ભાઈ બગલા મોતનકું કયા કરે ?—એ રાહ.

ભાઈ ભાઈ ચિત્તડું ચઢયું ચકડોળમાં, મનડું માણે મસાણે,
હે જીવડો જહાનમ જાય જખ મારતો હાં........
કયાં જઇ કરીએ પોકારો હો.......જી. —ભાઇ૦
ભાઈ ભાઈ મદ ધન જોબન રૂપના, મદ સત્તાને વિદ્યાના,
૯

હે મહતે ગણાવું કેટ કેટલા ?......હાં,
આંખો છતીએ અંધાપો........હો........જી. —ભાઇ૦
ભાઈ ભાઈ ધન જોબન સૌ ઉડી ગયાં, જીવડો ખાખી બંગાલી
હે, કળકળ જીવડો રો રો કરે હાં........
મૂર્ખો સમજે ન કાંઇ.... ...હો.......જી —ભાઇ૦
ભાઈ ભાઇ દરદી આવાં દુખીયાં ફરે, ઓસડ રંગાનું સ્હેલું,
હે નટવર ચિતડું ચોટાડશો હાં........જી,
ધામે અવિચળ જાશો........હો........જી. —ભાઇ૦

૬૪

કાફી (કચ્છી). તાલ ત્રિતાલ.

* ના છડીયાં તલવાર ભજનજી, ના છડીયાં તલવાર.
રંગો નાગર કુછેલો અસાંકે ભાઇ ! ના છડીયાં તલવાર.––ટેક૦
દુવારકાજો નાથજ સચ્ચો, એડી ગાલ સુણાઇ,
હીંજી ખાતર ફડો લગે મુકે, મરણો હકડી વાર.––ના છડીયાં૦
માલ મશાલા બેટપતિ ઉડાં, ખીયેતા ડીને રાત,
રંગો ચેોંતો અસાં ડીંધાસી ઈડાં મડે પરસાદ.––ના છડીયાં૦

---

* રંગા નાગરે અમને કહ્યું છે કે ભજનની તલવાર છોડશો નહિ. ખરેખર દ્વારકાંનો નાથજ સાચો છે એવી વાત અમને તેણે કહી છે. મને તો એની ખાતર એક વાર મરવું પણ સારૂં લાગે છે. દ્વારકાંધીશ ત્યાં બેઠા બેઠા માલ મશાલા ખાય છે. રંગો કહે છે કે તેમાંથી આપણને કંઇક પ્રસાદ જરૂર તે આપશે.

૬૫

રાગ. મગનસેં જારચલી, તેરા રાખનવાલા કૌન ? મગન.–એરાહ.

જગત્ છો રૂઠી રહ્યું, મસ્તાના ભક્તોને કોની બીક ? –ટેક
જનની તાત ભલે રૂઠે, ભગિની સહોદર સાથ;
પુત્રો પુત્રી સ્ત્રી અગર, પાલક સ્વામી નાથ. —જગત્૦
સગાં સંબંધી છો રૂઠે, સકળ સૃષ્ટિ પરિવાર;
મોટા નાના છો રૂઠે, રંક અને સરદાર. —જગત્૦
રાજા રૈયત છો રૂઠે, રૂઠે ભલે નર નાર;
સૂર્ય ચંદ્ર ગ્રહ ને ધરા, રૂઠે ભલે સરકાર. —જગત્૦
પંચ મહાભૂતો રૂઠે, રૂઠે અન્નદાતાર;
કાનો એક રૂઠે નહિ, જખ મારે સંસાર. —જગત્૦
ભજતાં કાના બાપને, ભલે જગત રીસાય;
ઘેલાં ઘેલાં છો કરે, ઘેલાં વૈકુંઠ જાય. —જગત્૦
સાથે કોઈ નહિ આવશે, શી કોઈની દરકાર ?
કાનો ઝાલે હાથ તો, મૂકે ભવની પાર. —જગત્૦
જન્મ સાથ અભિમાન તે, ભણતર સાથ ભરાય,
વિદ્યા ચર્ચા જોરથી, દિન દિન વધતું જાય. —જગત્૦
ત્યજી બધા અભિમાનને, ત્યજી દુનિયાંની લાજ;
રંગાનો કાનો ભજો, મળે સ્વર્ગનું રાજ. —જગત્૦

૬૬

વારૂં છું વિઠ્ઠલરે અમોને અહશોમાં.—એ રાહ.

સખી માયામાંથીરે, નથી કોઇ મુક્ત રહ્યા;
સહુ છોટા મોટારે, પ્રવાહે જાય વહ્યા. ૧

ત્રિપુટિના દેવો રે, લઇ માયા બેઠા;
 મહામાયા સાથેરે, પ્રભુ આવ્યા હેઠા. ૨
ઋષિઓને ભક્તોરે, રમ્યા માયાની મહિં;
 અચંબો એ છે રે, થયા માયા વશ નહિં. ૩
બીચારા પામર રે, દીસે માયા ઘેલા;
 મળે રંગસ્વામીરે, છુટે હૈયા મેલા. ૪

૬૭

રાગ—અંતકાળે સગું નહિ કોઇએ રે—રાહ.

મૂલ મોટું મોંઘેરા માલનું રે,
 જેવો માલ તેવાં મૂલ એજ ન્યાય. —મૂલ૦
પાઇ ફેર માટે પાંચ ઠામે ફરેરે,
 થાઓ બ્હાવરા પાશેર શાક કાજ. —મૂલ૦
મોક્ષ જેવી મોંઘી ચીજ કોઇએ નથી રે,
 શીર સાટ તેનાં મોઘાં મૂલ. —મૂલ૦
જુઓ ભક્તની કસોટીઓ થઈ હતી રે,
 દુઃખ દરિયામાં ઝીલ્યા ખૂબ. —મૂલ૦
કામણગારો કનઈયાલાલજી રે,
 જુઠો જાદવો ન સ્હેજમાં પમાય. —મૂલ૦
હજી બગડયું નથી છેક ભાઇઓ રે,
 પ્રેમ વકરો કરો રંગનાથ ! —મૂલ૦

૬૮

ગરબો.

ગાડી આવી ગુજરાત, અગન કેરી ગાડીરે આવી.—એરાહ.

બ્રહ્માંડનો આ ખેલ, અજબ આતો ખેલ તમાશો !
કોણ ખેલાડીનો ખેલ ? અજબ આતો ખેલ તમાશો ! —ટેક.
ચંદ્ર સૂરજ ને તારલા જોઈ ચઢું ચકડોળ,
ગંગા ગગને ભાળીને મારૂં મનડું ડામકડોળ. ——અજબ૦
કોણે ક્યારે શી રીતે, કર્યું હશે આ કાર્ય ?
સાધન ક્યાંથી લાવીઓ, એમાં ચિતડું ચસ્કી જાય.—અજબ૦
પર્વત ઉપર જઇ ચઢું, ભર દરિયાની માંય,
મેઘાડંબર નીરખું, મનમર્કટ ઝોલાં ખાય. —અજબ૦
કોઇ ઘર ગાયન ચાલતું, કોઇ ઘર કૂટાકૂટ,
કોઇ ઘર મહાભારત વળી કોઈ ઘર માથાકૂટ. ——અજબ૦
કોઇ ઘર પ્રાણી પૂજતા, કોઈ ઘર ગરદન કાટ,
કોઇ મરે ખુબ ખાઈને, કોઇ મરે છે*નકરકાટ. —અજબ૦
કોઇ ચઢે છે ફાંસીએ, હુકમ કરે કોઇ રાય,
પળમાં અગણિત જંતુઓ, ઉપજે ને અદ્રશ્ય થાય.——અજબ૦
કરનારાને ખોળવા, પંડિત દીન પીડાય,
રંગાને પીડા નથી, માયા કાનાની કહેવાય. ——અજબ૦

---

* નકારડો ઉપવાસ.

૬૯

રાગ—માઢની ચાલ. તાલ—દાદરો.

કાચબો કાચબી રહેતાં સાગરમાં હતાં હરિનાં દાસ.—રાહ.

દર્શન સાંખ્ય ઘણું ઉંચી કોટિનું, પાશ્ચાત્ય શાસ્ત્ર પ્રમાણ;
દ્વૈત ભાવ લોકોની ખાતર, દ્વૈત તત્ત્વનું ધામ,
માનીતું એ શાસ્ત્ર સરવને, ઉતાર્યા બધાના ગરવને. —દર્શન૦
અજાયબી માત્ર દેખાય છે બે, પ્રકૃતિ એકની એક;
પુરૂષો અસંખ્ય વ્યક્તિવાર દેખો, સર્વ વ્યાપીને અનેક,
આતે કાંઈ *દેખતભૂલી, અભિમન્યુ કોઠા જેવી ? —દર્શન૦
બીજી અજાયબી ભારે અજબ છે, પ્રકૃતિ કરે સહુ કાર્ય;
પુરૂષો પડ્યા પડ્યા ખાટલે ખાંતે, મીઠાં ભોજન ખાય,
આતે સાચું કેમ મનાય ? બુદ્ધિની બહારજ જાય. —દર્શન૦
પોમલી જણે ને પોમલો ખાય, એ પ્રત્યક્ષ છે અન્યાય;
પ્રકૃતિની દયા આવે રંગાને, કાના આશો તારો ન્યાય ?
માયા તારી શી બલિહારી ! જાઉં હુ વારીવારી ! —દર્શન૦

૭૦

મેરે કાઝી સાહેબ, મેરે કાઝી સાહેબ—એરાહ

સહિયર સ્યાણી સાંભળ વાત, (૨)
ધ્યાન દઇને સાંભળજે તું ખંતેથી. —સહિયર૦
શકિત ને લીધે કહેવાયો, શકિતવાળો ઈશ,
શકિત વિણ ક્યાંથી કહેવાયો, બ્રહ્મબીચારો ઈશ.—સહિયર

---

* ભૂલ ભૂલામણી.

મૂળ નપુંસક પણ શક્તિથી, નરપણુ પામ્યા બ્રહ્મ,
 તેથી સહિયર નામ આપણું, પહેલું જો જો ક્રમ.—સહિયર૦
લક્ષ્મીનારાયણ કહેશો કે, ઉમામહેશ કહેશો,
 રાધાકૃષ્ણ કહો કે સીતારામ, વિગેરે કહેશો. —સહિયર૦
પ્રકૃતિ પહેલી પૂરૂષ બીજો, એજ ન્યાય છે સરખો,
 ભાષણમાં પણ પહેલી બાનુ, અને પછી ગૃહસ્થો.—સહિયર૦
સ્ત્રી–પુરૂષ મા–બાપ દ્વંદ્વમાં, પ્રથમ આપણું નામ,
 દેવીપુરાણ કહે ત્રિપુટિ, પ્રકટયાનું શક્તિ ધામ.—સહિયર૦
સાચી જુઠી અકથ્ય આદિ, અનેક દેખો તર્ક,
 જેને જે કહેવું હોય તે કહો, દુનિયા સારી ગર્ક.—સહિયર૦
હજાર ચારિત્રો કરીએ, વશ કરવા પૂરૂષ કાજ,
 માનીતી ધણીની સ્ત્રી કરશે, સુખમાં ઘરનું રાજ.—સહિયર૦
પણ સ્યાણી શિખામણ સુણજે, એક રાખજે ધ્યાન,
 રંગપતિ કાના ભક્તોનું, કદી ન લેજે નામ.—સહિયર૦

७१

ગરબો.

રૂપલા રાતલડીમાં, ઉઘડે ઉરનાં બારણાં હો બ્હેન,
 ઝુલે રસ પારણાં હો બ્હેન.—રાહ.

સૈયર નંદલાલનાં ચરિત્ર કોઇ ગણાવશે ? હો બ્હેન,
 ગતિ કોઈ પામશે ? હો બ્હેન—ટેક.
મારી પામર મતિની, ગતિ નહિ રતિ ત્યાં ચાલશે હો બ્હેન,
 ગતિ કોઈ પામશે હો બ્હેન ?

સાખી.

જન્મચરિત સાગર વડો, ગાતાં ન આવે પાર,
બાળચરિત તેથી વડો, મહાન અપરંપાર,
વલ્લભ વીર વધ્યા નહિ, આગળ બીજા શું જશે હો બ્હેન ?
ગતિ કોઈ પામશે હો બ્હેન ? ૧

સાખી.

ચરિત્ર અનેક કર્યાં પ્રભુ, ગાતાં નાવે પાર,
નાટક ભજવ્યાં રંગીલાં, બાપલીઆના બાપ !
ભકતો ગાતાં ગાતાં આનંદસાગર ઝીલશો હો બ્હેન,
ગતિ કોઇ પામશે હો બ્હેન ? ૨

સાખી.

અવતારો ઉપરાંતનાં, ચરિતો કર્યાં અમાપ,
માન વધાર્યાં ભકતનાં, અનાથના એ નાથ !
વહાલો ઘટઘટ વ્યાપી, ભકતો નિત્ય સંભાળશે હો બ્હેન;
ગતિ કોઈ પામશે હો બ્હેન ? ૩

સાખી

વ્હાલું કે અળખામણું, નથી પ્રભુને કંઇ,
ભક્તિપ્રિય એ ભૂપને, અન્ય ઉપાધિ નહિ,
વાલમ રંગ હૈયામાં હેત કરી ઝુલાવશે હો બ્હેન,
ગતિ પણ પામશે હો બ્હેન ? ૪

૭૨

પ્રભાતિયું.

રાગ. બિભાસ—તાલ દીપચંદી.

પ્રાત સમે રઘુવીર જગાવે, કૌશલ્યા માત તારી. —એરાહ.

જાગોને અવિદ્યાના સ્વામી ! [1]જ્ઞાનારૂણોદય ભાળોરે;
કોણ જગાડે કોને દિલમાં, ખોજ કરી સંભાળોરે. —જાગોને૦
સ્વપ્ના વાળો સૂતો તાણી, સોડ સુષુપ્તિ સાથેરે,
જાગી પાછો બોલે ત્યાં પછી, કોણ હતો સંગાથેરે ? —જાગોને૦
પ્રાણી માત્રની રજની ત્હેમાં, જાગે જ્ઞાની યોગીરે;
ઉંઘે તે તુર્યામાં ત્યારે, જાગે પ્રાણી ભોગીરે. —જાગોને૦
ઉંઘે જ્ઞાનીને અજ્ઞાની, કહાનો ત્યારે જાગેરે;
કહાન ઉંઘે ન ઘડી પણ એકે, હિસાબ સહુના માગેરે. —જાગોને૦
માયાપતિ[2] શ્રી કાના સ્વામી, અવિદ્યાનાને જગાડેરે;
રંગ કહે જો ના જાગે તો, ઉંઘમાં જીવતર કાઢેરે. —જાગોને૦

૭૩

લાવણી.

દેખા નહિ કછુ સાર જગતમેં.—એ રાહ.

અસાર આ સંસાર કાનજી ! અસાર આ સંસાર
ગાફલ થા ન ગમાર કાનજી ! અસાર આ સંસાર.
વિષયોમાં મમતા છે ત્હારી, અપૂર્વ અપરંપાર,
ત્રિવિધ તાપથી બળ્યો ઝળ્યો પણ ચેત્યો નહિ લગાર.

---

૧ જીવાત્મા. ૨ પરમાત્મા.

ચેત્યો નહિ લગાર કાનજી ! ચેત્યો નહિ લગાર.—અસાર.
હબેસ હલ્લેસાં ને હેરિયાં મારો વારંવાર
સુકાન હોકા વિના નાવ એ કહે ચડે નિર્ધાર,
કદે ચડે નિર્ધાર કાનજી ! કદે ચડે નિર્ધાર. —અસાર૦
ખટ્ શત્રુ ચાંચિયા તાકતા ભલો મળ્યો શિકાર,
કૃષ્ણ સુકાની, હોકો ભકિત, રંગાને તૈયાર,
રંગાને તૈયાર કાનજી ! રંગાને તૈયાર. —અસાર૦

૭૪

થયા છો રે પતિ તેજ પ્યારી તનના ઉર વસી વરીઆ જે.—એ રાહ.

સૃષ્ટિ કરવાનો હેતુ ત્હારો, કહેને નંદના લાલા ! —ટેક
દેશ દેશના વિદ્વાનો ભલે, વિધ વિધ કરે ખુલાસા,
સહુ ડાહ્યા, નહિ પાયા, વાહ ! માયા !
અનેક મત ભેદોની વચ્ચે, ધર્મ હુકમ નીરાળા.—સૃષ્ટિ૦
કોઇ કહે છે અનાદિ સૃષ્ટિ, કોઇ કહે પ્રભુ કર્ત્તા;
કોઈ ભ્રાન્તિ, કોઇ ક્રાન્તિ યા ઉત્ક્રાન્તિ;
કોઈ કહે રહી ભલે કુદરતી, શિદને ભામા ઠાલા ? —સૃષ્ટિ૦
પ્રથમ ગુપ્ત રહી વ્યક્ત વચ્ચે થઇ, પાછી ગુપ્ત થાવાની;
સ્વપ્નું આ ? સાચું આ ? ગપ્પું આ ?
દ્વૈત અને અદ્વૈતના ઝઘડા, અનાદિ આવ્યા ચાલ્યા—સૃષ્ટિ૦
કર્મ ગાંઠડા અનાદિ જીવો, સૂક્ષ્મ રૂપ લઇ આવ્યા;
કંઇ તર્કો, કે વિતર્કો કે કુતર્કો;
રંગાને બીજું કાંઇ નહિ, પણ નંદકુંવરની લીલા.—સૃષ્ટિ૦

૭૫

રાગ વિદાયગીરી.

બેનોને ભાઇઓને જે શ્રી કૃષ્ણ,
 આચાર્યો શ્રી ગુરૂને જે શ્રી કૃષ્ણ;
ભકતો ભગવાનનાને જે શ્રી કૃષ્ણ,
 સંતોશિરોમણિને જે શ્રી કૃષ્ણ. ૧

મોટા મુગટો શિરનાને જે શ્રી કૃષ્ણ,
 નાના નંદલાલજીને જે શ્રી કૃષ્ણ;
બંધુ વિદ્વાનને છે જે શ્રી કૃષ્ણ,
 મૂર્ખા મારા સમાને જે શ્રી કૃષ્ણ. ૨

ધર્મી અધર્મીને છે જે શ્રી કૃષ્ણ,
 અર્થી બિન અર્થીને છે જે શ્રી કૃષ્ણ;
કામી નિષ્કામીને છે જે શ્રી કૃષ્ણ,
 મુક્તો મુમુક્ષુને છે જે શ્રી કૃષ્ણ. ૩

ચઉદે ભુવનને છે જે શ્રી કૃષ્ણ,
 દાનવને દેવને છે જે શ્રી કૃષ્ણ;
પાંચે મહાભૂતને છે જે શ્રી કૃષ્ણ,
 અર્થોને ઇંદ્રિયોને જે શ્રી કૃષ્ણ. ૪

વિષયોને વૃત્તિઓને જે શ્રી કૃષ્ણ,
 મન બુદ્ધિ ચિત્તને છે જે શ્રી કૃષ્ણ;
માલિક અંહકારને છે જે શ્રી કૃષ્ણ,
 આદિ મહત્તત્ત્વને છે જે શ્રી કૃષ્ણ. ૫

માયા મોહક માડીને જે શ્રી કૃષ્ણ,
 પૂરૂષ પ્યારા પિતાને જે શ્રી કૃષ્ણ;
ચારે પ્રકાર પ્રાણીને જે શ્રી કૃષ્ણ,
 સૃષ્ટિ સહુ ચીજને છે જે શ્રી કૃષ્ણ.
આસ્તિક નાસ્તિક આદિને જે શ્રી કૃષ્ણ,
 જડવાદી જીવને છે જે શ્રી કૃષ્ણ;
દેશી પરદેશીઓને જે શ્રી કૃષ્ણ,
 ધર્મો તમામને છે જે શ્રી કૃષ્ણ.
દેવોને દેવીઓને જે શ્રી કૃષ્ણ,
 વેદાને શાસ્ત્રને છે જે શ્રી કૃષ્ણ;
સ્માર્તોને વૈષ્ણવોને જે શ્રી કૃષ્ણ,
 શકિત ઉપાસકોને જે શ્રી કૃષ્ણ.
જેને જે ઇષ્ટ તેને જે શ્રી કૃષ્ણ,
 કાનાનાં રૂપ સઉને જે શ્રી કૃષ્ણ;
યજ્ઞો જપ જાપ મંદિર જે શ્રી કૃષ્ણ,
 લેવાશે નામ પ્રભુ ત્યાં જે શ્રી કૃષ્ણ.
તીર્થો ધામો પુરીને જે શ્રી કૃષ્ણ,
 વાગે કરતાલ ત્યાં ત્યાં જે શ્રી કૃષ્ણ;
ઇસા મુસા મહંમદને જે શ્રી કૃષ્ણ,
 લામા તીર્થંકરો ને જે શ્રી કૃષ્ણ.
બુદ્ધ જરથોસ્તને છે જે શ્રી કૃષ્ણ,
 આગાખાં પોપને છે જે શ્રી કૃષ્ણ;
પીરો પયગંબરોને જે શ્રી કૃષ્ણ,
 ફીરસ્તા ઓલીઆને જે શ્રી કૃષ્ણ.

સર્વે સમાજીઓને જે શ્રી કૃષ્ણ,
સુધારક નેતાઓને જે શ્રી કૃષ્ણ;
પ્રભુની પ્રતિમાઓને છે જે શ્રી કૃષ્ણ,
કાબાને ક્રોસને છે જે શ્રી કૃષ્ણ. ૧૨
દેવળ મસ્જીદને છે જે શ્રી કૃષ્ણ,
મુલ્લાંને પાદરીને છે જે શ્રી કૃષ્ણ;
ન્યાતી પરન્યાતીલાને જે શ્રી કૃષ્ણ,
વર્ણાશ્રમ વેરીને છે જે શ્રી કૃષ્ણ; ૧૩
નાંનાં મોટાં સગાંને જે શ્રી કૃષ્ણ,
સંબંધી સ્નેહીઓને જે શ્રી કૃષ્ણ;
રાજા સાથે પ્રજાને જે શ્રી કૃષ્ણ,
સજજનને દુર્જનોને જે શ્રી કૃષ્ણ. ૧૪
જાૂઠડા જાદવાને જે શ્રી કૃષ્ણ,
લાડીલા લાલજીને જે શ્રી કૃષ્ણ;
કોડીલા કાનજીને જે શ્રી કૃષ્ણ,
ગોપીના પ્રાણને છે જે શ્રી કૃષ્ણ. ૧૫
કંસરાય ભાણીઆને જે શ્રી કૃષ્ણ,
માંમા અભિમન્યુનાને જે શ્રી કૃષ્ણ;
સુભદ્રાવીરને છે જે શ્રી કૃષ્ણ,
વ્રજના આહીરને છે જે શ્રી કૃષ્ણ. ૧૬
અર્જુનના સારથીને જે શ્રી કૃષ્ણ,
રણશૂરા મહારથીને જે શ્રી કૃષ્ણ;
રાજા રણછોડને છે જે શ્રી કૃષ્ણ,
પૂરો સહુ કોડ રે ભાઇ જે શ્રી કૃષ્ણ. ૧૭

દ્વારકાધીશને છે જે શ્રી કૃષ્ણ,
સુદામાદિસખા ને ; જે શ્રી કૃષ્ણ;
હજારો નામ ગુણને છે જે શ્રી કૃષ્ણ,
કાનજી બ્રહ્મને છે જે શ્રી કૃષ્ણ. ૧૮
રંગો વિદાય માગે જે શ્રી કૃષ્ણ,
જે શ્રી કૃષ્ણ બોલતો ભાઇ જે શ્રી કૃષ્ણ;
ભજજો ભગવાનને ભાઇ જે શ્રી કૃષ્ણ,
થાજો કલ્યાણ સૌનું જે શ્રી કૃષ્ણ. ૧૯
આનંદ આનંદ વરસો જે શ્રી કૃષ્ણ,
કાનામય સર્વ થાઓ જે શ્રી કૃષ્ણ;
આશીશ આપો બધાં ભાઇ જે શ્રી કૃષ્ણ,
અંતે મુખમાં કનૈયો જે શ્રી કૃષ્ણ. ૨૦

